

# ન્યુઝ 4 કચ્છ

‘વાત કચ્છીયતની’

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૧ અંક : ૨૯૭ તા.૨૭.૦૬.૨૦૨૪, ગુરુવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 01 Issue : 297 Dt. 27-06-2024, Thursday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


**સુવિચાર**

સામાન્ય માણસનું મહાન બનવું એ તો સામાન્ય છે પણ, મહાન બન્યા પછી સામાન્ય બની રહેવું એ ખરેખર અઘરું છે!

# બીજી વાર સ્પીકર બન્યા ઓમ બિરલા, ઈમરજન્સી નિંદા ઠરાવથી હોબાળો

**બુધવારે લોકસભા સત્ર દરમ્યાન ઈતિહાસીક રીતે વોઈસ વોટ દ્વારા ઓમ બીરલા બીજી વાર ચુંટાઇ આવ્યા હતા વડાપ્રધાન સહિત તમામે શુભેચ્છા પાઠવી હતી જો કે ઈમરજન્સી મુદ્દે લોકસભામાં નિંદા ઠરાવ પાસ કરાતા વિપક્ષે હોબાળો ચમાવ્યો હતો અને કાર્યવાહી ગુરૂવાર સુધી સ્થગીત કરવી પડી હતી**

નવી દિલ્હી, તા.૨૬

ઓમ બિરલા વોઈસ વોટ દ્વારા લોકસભા સ્પીકર પદ માટે ચૂંટાયા આવ્યા હતા.ભાજપના નેતૃત્વ હેઠળ ના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના ઉમેદવાર ઓમ બિરલાએ ચૂંટણીમાં કોંગ્રેસના કોડીકુનીલ સુરેશને હરાવ્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓમ બિરલાને લોકસભા સ્પીકર તરીકે ચૂંટવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું, “હું સમગ્ર ગૃહને અભિનંદન આપું છું. અમને બધાને વિશ્વાસ છે કે આવનારા પાંચ વર્ષમાં તમે અમને માર્ગદર્શન આપ શો.પીએમ મોદીએ કહ્યું કે, બીજી વખત લોકસભા સ્પીકર પદ પર ભાર મૂકવો એ પોતાનામાં એક રેકોર્ડ છે. બલરામ જાખડ આ પહેલા માત્ર બે વખત જ લોકસભાના સ્પીકર રહી ચૂક્યા છે. મોટાભાગના સ્પીકર કાં તો ચૂંટણી લડ્યા નથી અથવા જીત્યા નથી, પરંતુ તમે (ઓમ બિરલા) ચૂંટણી જીતી ગયા છો.લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ઓમ બિરલાને લોકસભા સ્પીકર બનવા



પર અભિનંદન પાઠવ્યા હતા. આ દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું કે, સરકાર પાસે સંખ્યા છે. પરંતુ વિપક્ષ પણ ભારતની જનતાનો અવાજ છે. રાહુલે કહ્યું, તે ખૂબ જ જરૂરી છે કે વિપક્ષનો અવાજ પણ ગૃહમાં ઉઠાવવા દેવો જોઈએ.પીએમ મોદીએ કહ્યું કે જે કામ આઝાદીના ૭૦ વર્ષમાં નથી થયું તે તમારી અધ્યક્ષતામાં આ ગૃહ દ્વારા શક્ય બન્યું છે. લોકશાહીની લાંબી યાત્રામાં અનેક સીમાચિહ્નો છે. અમુક પ્રસંગો એવા હોય છે જ્યારે આપણને માઈલસ્ટોન સેટ કરવાની તક મળે છે. તેમજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ ગૃહનું સૌભાગ્ય છે કે તમે બીજી વખત આ બેઠક પર કબજો કરી રહ્યાં છો. વડા પ્રધાન મોદીએ અધ્યક્ષ પદ માટે ઓમ બિરલાના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ટેકો આપ્યો હતો. પીએમ મોદી દ્વારા રજૂ કરાયેલા નવા અધ્યક્ષના પ્રસ્તાવને પ્રોટેમ સ્પીકર ભર્તૃહરિ મહતાબ દ્વારા ગૃહમાં મતદાન માટે મૂકવામાં આવ્યો હતો અને તેને ગૃહ દ્વારા ધ્વનિ મત દ્વારા મંજૂર કરવામાં આવ્યો હતો. સુપ્રિયા સુલેએ કહ્યું હતુ કે તમે પાંચ વર્ષમાં ખૂબ સારું કામ કર્યું, પરંતુ જ્યારે ૧૫૦ લોકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા ત્યારે બધાને ખૂબ દુઃખ થયું. અમે ઈચ્છીએ છીએ કે કોઈ સસ્પેન્શન ન થવું જોઈએ, બધાએ સાથે મળીને કામ કરવું જોઈએ. વાતચીતનો વિકલ્પ ખુલ્લો રહેવો જોઈએ. આ સાથે સ્પીકર તરીકે ચૂંટાયા બાદ પીએમ મોદી ઓમ બિરલાને અભિનંદન આપવા પહોંચ્યા હતા. રાહુલ ગાંધી પણ તેમની સાથે પહોંચ્યા હતા. રાહુલે બિરલાને અભિનંદન આપ્યા અને પછી પીએમ સાથે હાથ મિલાવ્યા.હતા આ તસ્વીર ખુબ ચર્ચામા રહી હતી ઓમ બિરલા સ્પીકર તરીકે ચૂંટાયા બાદ ગૃહના નેતા નરેન્દ્ર મોદી અને વિપક્ષ ના નેતા રાહુલ ગાંધી તેમને સ્પીકર ની ખુરશી સુધી મુકવા ગયા હતા. સંસદમાં લોકસભાના અધ્યક્ષની ચૂંટણી માં નવા ચૂંટાયેલા સાંસદો સંસદમાં પહોંચ્યા હતા. આ દરમિયાન ચિરાગ પાસવાન અને કંગના રનૌતની મુલાકાત થઈ હતી. પહેલા બંનેએ હાથ મિલાવ્યા. આ પછી બંને ગળે લગાડી વાતો કરતા આગળ વધ્યા. થોડુંક આગળ ગયા અને રોકાઈને પાછળ પણ જોયું. આ પછી બંનેએ કંઈક વાત કરી અને એકબીજાને તાળીઓ પાડીને સંસદની અંદર ગયા.

## ઈમરજન્સી નિંદા પ્રસ્તાવ સાથે નારા લાગ્યા

સ્પીકર તરીકે ચૂંટાયા બાદ ઓમ બિરલાએ ગૃહમાં ઈમર્જન્સીની નિંદા કરી હતી. તેમણે કહ્યું- ઈન્દિરા ગાંધીએ ઈમર્જન્સી લાદીને આંબેડકર દ્વારા બનાવેલા બંધારણનું અપમાન કર્યું હતું. સ્પીકરે પ્રસ્તાવ મૂકતાની સાથે જ વિપક્ષ અને પાર્ટીના સાંસદોએ સૂત્રો ચ્ચાર શરૂ કરી દીધા હતા. સ્પીકર ઓમ બિરલાએ ઈમર્જન્સી દરમિયાન જીવ ગુમાવનારાઓની યાદમાં બે મિનિટનું મૌન પાળવાનું કહ્યું હતું. શાસક પક્ષના સાંસદોએ મૌન પાળ્યું હતું, પરંતુ કોંગ્રેસ અને વિપક્ષના સાંસદોએ હંગામો મચાવ્યો હતો. કોંગ્રેસના સાંસદોએ આક્ષેપ કર્યો હતો કે સ્પીકર ભાજપનો એજન્ડા ચલાવી રહ્યા છે. મૌન પછી સ્પીકરે સંસદને ગુરુવાર સુધી સ્થગિત કરી દીધી હતી. નિંદા પ્રસ્તાવ મૂકતાની સાથે જ વિપક્ષ અને અન્ય પક્ષો તરફથી સૂત્રોચ્ચાર શરૂ થઈ ગયા હતા. તો બીજી તરફ પીએમ મોદીએ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું નામ લેતા જ વિપક્ષી સાંસદોએ શેમ-શેમના નારા લગાવ્યા હતા.વિપક્ષના હોબાળાને કારણે સ્પીકરે પોતાનું ભાષણ અટકાવી દેવુ પડ્યુ હતુ

## અવાજ ના દબાવતા, સત્તાધારીને કાબૂમાં રાખજો : વિપક્ષ

વિપક્ષના નેતા તરીકે રાહુલ ગાંધીનું ગૃહમાં પ્રથમ સંબોધન કર્યુ હતું. રાહુલ ગાંધીએ અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવવા બદલ ઓમ બિરલાને અભિનંદન આપતા કહ્યું કે, તમે બીજી વખત સ્પીકર તરીકે ચૂંટાયા છો, હું તમને સમગ્ર વિપક્ષ અને ઈન્ડિયા એલાયન્સ તરફથી અભિનંદન આપુ છુ. આ ગૃહ અવાજનું પ્રતિનિધિત્વ કરે છે. તમે ભારતના લોકોના અવાજના અંતિમ મધ્યસ્થી છો.સરકાર પાસે રાજકીય શક્તિ છે પરંતુ વિપક્ષ પણ ભારતની જનતાના અવાજનું પ્રતિનિધિત્વ કરે છે અને આ વખતે વિપક્ષ ગત વખત કરતા વધુ લોકોના અવાજનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે. અમે તમને સહકાર આપીશું. અમે ઈચ્છીએ છીએ કે ગૃહ સરળતાથી ચાલે. વિપક્ષનો અવાજ ગૃહમાં ઉઠાવવા દેવામાં આવે .આ સાથે જ અખિલેશ યાદવ લોકસભા અધ્યક્ષને સલાહ આપતા જોવા મળ્યા હતા. તેમણે કહ્યું કે આ પદ સાથે ઘણી ભવ્ય પરંપરાઓ જોડાયેલી છે અને અમે માનીએ છીએ કે ગૃહ ભેદભાવ વિના આગળ વધશે. સ્પીકર તરીકે તમે દરેક સાંસદ અને પાર્ટીને સમાન તક આપશો. અમારી અપેક્ષા એ છે કે કોઈપણ જનપ્રતિનિધિનો અવાજ દબાવવામાં ન આવે.સભ્યોની હકાલપટ્ટીથી ગૃહની ગરિમાને ઠેસ ન પહોંચવી જોઈએ. આ સાથે અન્ય વિપક્ષી સાંસદોએ પોતાની વાત યોગ્ય રીતે સંભળાય તેવી વાત કરી હતી.

## જમ્મુ-કાશ્મીરના ડોડામાં એક આતંકી ઠાર

જમ્મુ, તા.૨૬

બુધવારે જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લાના ગંડોહ વિસ્તારમાં સુરક્ષા દળોએ એક આતંકવાદીને ઠાર માર્યો હતો. સવારે આ વિસ્તારમાં આતંકીઓ છુપાયા હોવાની માહિતી મળ્યા બાદ પોલીસ અને સેના દ્વારા સર્ચ ઓપરેશન ચાલુ હતું, ત્યાર બાદ એક્રાઉન્ટર કરવામાં આવ્યુ હતુ. અધિકારીઓએ જણાવ્યું કે, ડોડામાં ૧૧ અને ૧૨ જૂને બે આતંકી હુમલો થયા હતા. ત્યારથી સેના સીઆરપીએફ અને જમ્મુ-કાશ્મીર પોલીસ સઘન સર્ચ ઓપરેશન ચલાવી રહી હતી જે દરમ્યાન બુધવારે સવારે સિનુ પંચાયત ગામમાં આતંકીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. સતત સર્ચ દરમ્યાન રાજૌરી જિલ્લાના ચિંગુસ વિસ્તારના પિંડ ગામમાંથી એક ચાઈનીઝ ગ્રેનેડ મળી આવ્યો હતો.સતત થઈ રહેલા આંતકી હુમલા વચ્ચે સેના સતત સંવેદનશીલ વિસ્તારોમા સર્ચ કરી રહી છે આ પહેલા આંતકીઓએ થોડા દિવસ પહેલા બે હુમલાને અંજામ આપ્યો હતો જેમાં ૧૦થી વધુ જવાનો ઘાયલ થયા હતા. જે બાદ સેના દ્વારા આતંકીઓને શોધવા સતત સર્ચ ઓપરેશન ચલાવવામા આવી રહ્યુ છે.

## ઈઝરાયેલે ગાઝા પર વિનાશ વેર્યો, ૨૯ના મોત

ગાઝા,તા.૨૬

ઈઝરાયેલની સેનાએ ગાઝા સિટી પર ફરી એકવાર વિનાશ વેર્યો છે. આ હવાઈ હૂમલામાં બે મકાનોને નિશાન બનાવવામાં આવ્યા હતા. જે બે શાળાઓએ શહેરના પૂર્વ અને પશ્ચિમમાં વિસ્થાપિત લોકોને આશ્રય આપ્યો હતો, અને એકમાં સભા ભરાય હતી. જેમાં ૨૯ પેલેસ્ટીની નાગરિકો માર્યા ગયા હતા. ઈઝરાયેલી જેટ વિમાનોએ શહેરની પશ્ચિમે આવેલા અલ-શાતિ શરણાર્થી શિબિરમાં હનીયેડ પરિવારના ઘરને નિશાન બનાવીને અનેક મિસાઈલો છોડી હતી, જેના કારણે કેમ્પ જમીનદોસ્ત થઈ ગયો હતો, એમ સુરક્ષા સૂત્રોએ જણાવ્યું હતું. આ હૂમલામાં હમાસના પોલિટિકલ બ્યુરો ચીફ ઈસ્માઈલ હનીયેડની બહેન સહિત ૧૦ લોકોના મોત થયા હતા અને તેના પરિવારના ઘણા સભ્યો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. ઈઝરાયેલના ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ પ્રોટેકશને આ અંગે એક નિવેદન બહાર પાડયું હતું. તેમાં કહેવામાં આવ્યું છે કે ઈઝરાયેલી સુરક્ષા દળોએ ગાઝા સિટીની પૂર્વમાં અલ-દરરાજ વિસ્તારમાં એક શાળા અને શહેરની પશ્ચિમમાં અલ-શાતિ શિબિરમાં બીજી શાળાને નિશાન બનાવી હતી. વળી, અલ-સુજૈયાના પાડોશમાં આવેલા અલ-જમીલી પરિવારના ઘરને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું. નિવેદન અનુસાર, ક્રૂએ ૧૩ લોકોના મૃતદેહોને બહાર કાઢયા હત અને ઘણા ઘાયલ લોકોને બહાર કાઢયા હતા. તમામ ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે

## હજારો પ્રદર્શનકારીઓએ કેન્યાની સંસદમાં લગાવી આગ

નૈરોબી,તા.૨૬

કેન્યામાં સરકારના પ્રસ્તાવિત ટેક્સ વધારાના વિરોધમાં હિંસક દેખાવો થઈ રહ્યા છે. નૈરોબીમાં આ હિંસામાં ઓછામાં ઓછા ૫ લોકોના મૃત્યુ થયા છે અને ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આવી સ્થિતિમાં ભારતે પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે. પૂર્વ આફ્રિકન દેશમાં સરકાર દ્વારા પ્રસ્તાવિત કરવેરા વધારા વિરુદ્ધ હિંસક વિરોધ વચ્ચે ભારતે કેન્યામાં તેના નાગરિકોને અત્યંત સાવધાની રાખવા અને બિનજરૂરી હિલચાલને પ્રતિબંધિત કરવાની સલાહ આપી છે. સંસદે કર વધારાની દરખાસ્ત કરતું વિવાદાસ્પદ બિલ પસાર કર્યા બાદ કેન્યાની રાજધાની નૈરોબી અને દેશભરના અન્ય શહેરોમાં હિંસક અથડામણો અને દેખાવો થઈ રહ્યા છે કેન્યાની સંસદમાં હજારો લોકો ઘૂસી ગયા અને તેનો એક ભાગ સળગાવી દીધો તે પછી પોલીસે ટીયર ગેસ અને ગોળીઓ ચલાવી હતી. કેન્યાના પ્રમુખ વિલિયમ રુટોએ મંગળવારે “હિંસા અને અરાજકતા” સામે કડક વલણ અપનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. કેન્યામાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરેલી એડવાઈઝરીમાં જણાવ્યું છે કે, “જ્યાં સુધી મંજૂરી ન મળે ત્યાં સુધી વિરોધ અને હિંસાથી પ્રભાવિત વિસ્તારોમાં જવાનું ટાળો. કૃપા કરીને અપડેટ્સ માટે સ્થાનિક સમાચાર અને મિશનની વેબસાઈટ અને સોશિયલ મીડિયા હેન્ડલ્સને અનુસરો.”

# ગુજરાતમાં ચોમાસું જામ્યુ, આગામી પાંચ દિવસ હજુ ભારે

નવીદિલ્હી,તા.૨૫

ગુજરાતમાં ધીમે-ધીમે ચોમાસું જામી રહ્યું છે. ત્યારે બુધવાર અને ગુરૂવારે ગુજરાતના અનેક જિલ્લામાં મેઘરાજા મહેરબાન થયા હતા. રાજકોટમાં બપોર પછી મેઘરાજાનું ધમાકેદાર આગમન થયું હતુ. રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તાર રૈયા રોડ, ૧૫૦ ફૂટ રિંગરોડ, ગોંડલ રોડ, યુનિવર્સિટી રોડ અને ઢેબર રોડ સહિતના વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ધોધમાર વરસાદથી રસ્તા પર પાણી ફરી વળ્યા છે. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. રાજ્યના ૬૬ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ ગીર સોમનાથના કોડિનાર અને જૂનાગઢમાં ૩ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે મોરબીના ટંકારા, ગોંડલમાં પણ મેઘાની ધમાકેદાર બેટિંગ જોવા મળી હતી.જૂનાગઢ શહેરના અલગ અલગ વિસ્તારમાં મેઘરાજા મહેરબાન થયા છે. આજે પડેલા વરસાદમાં મધુરમ, મજેવડી દરવાજા, આઝાદ ચોક, કાળવા ચોક, ગાંધી ચોક અને તળાવ દરવાજા સહિતન વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. બનાસ કાંઠા જિલ્લામાં પણ વરસાદી માહોલ જામ્યો છે. બનાસકાંઠાના અલગ અલગ વિસ્તાર જેવા કે અમીરગઢ અને ઈકબાલગઢમાં ભારે પવન સાથે મેઘરાજાનું આગમન થયું..મેઘમહેરથી ખેડૂતોમાં ખુશી જોવા મળી.તળેટીમાં ભારે ધુમ્મસ છવાતા નયનરમ્ય નજરો જોવા મળ્યો. ગિરિમથકની તળેટી વિસ્તારમાં લીલોતરી વચ્ચે ધુમ્મસની ચાદર છવાઈ ગઈ. તો સાપુતારા માં જાણે બરફના ડુંગરો બન્યા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા. કુદરતનો અદભુત નજારો માણીને પ્રવાસીઓ ખુશ-ખુશાલ થયા. ઉલ્લેખનીય છે કે ચોમાસું શરૂ થતાં જ ડાંગનું કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું હતુ. ગીર સોમનાથ જિલ્લાના તલાલા શહેર ગ્રામ્ય પંથકમાં પણ વરસાદ વરસ્યો છે. ઘુસિયા, ધામનવા અને આંબલાસ સહિતના ગામોમાં સતત બીજે દિવસે ધોધમાર વરસાદ વરસ્યો છે.આજે ફરી એક વખત વરસાદનું આગમન થતાં લોકોમાં ખુશી જોવા મળી હતી તો કચ્છમાં પણ અનેક તાલુકામાં વરસાદ થયો હતો ૨૪ કલાકમાં રાજ્યના અલગ અલગ કુલ ૧૨૨ તાલુકામાં મેઘરાજાની સવારીનું આગમન થયું છે. જેમાં સૌથી વધુ ૪ ઈંચ જેટલો વરસાદ જુનાગઢના વીસાદરમાં નોંધાયો છે. આજે જુનાગઢમાં ૧૦૯ મીમી જ્યારે કચ્છમાં ૯૭ મીમી વરસાદ હવામાન વિભાગના ચોપડે નોંધાયો છે.જ્યારે બનાસકાંઠા ૬૪ મીમી, પાટણ ૬૦ મીમી, નવસારી ૪૪ મીમી, ભરૂચ ૪૩ મીમી, વડોદરા ૪૮ મીમી, જામનગર ૫૫ મીમી, દેવભૂમિ દ્વારકા ૩૫ મીમી વરસાદ નોંધાયો છે. જ્યારે મોરબી, સુરેંદ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, સાબર કાંઠા, ગીર સોમનાથમાં સૌથી ઓછો એટલે કે ૧૦ મીમીથી ઓછો વરસાદ નોંધાયો વામાન વિભાગે આગામી ૨૬ જૂનથી ૩૦ જૂન સુધી એટલે કે ૫ દિવસ માટે વરસાદને લઈને આગાહી કરી છે. જેમાં આજે ગુજરાતમાં મોટા ભાગના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે રાજ્યના ૬ જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. પંચમહાલ અને વડોદરામાં અતિભારે વરસાદની આગાહી સાથે આ બંને જિલ્લાઓમાં ઓરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ પણ જાહેર કર્યું છે તો સૌરાષ્ટ્રમા વરસાદનુ એલર્ટ આપવામાં આવ્યુ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં હજુ ચાર દિવસ ભારેથી અતિભારે વરસાદ વરસશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મધ્ય ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય છે, જેના કારણે આજે મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, આણંદ, દાહોદ, મહિસાગર, છોટાઉદેપુર, નર્મદા, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ તથા બોટાદમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે.

## ભારત સાથે સંબંધો સુધારવા તૈયાર પાકિસ્તાન

ઈસ્લામાબાદ,તા.૨૬



પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક ડારે ભારત સાથે સંબંધો સુધારવાની હિમાયત કરી હતી. પાકિસ્તાન સરકારની થિંક ટેક્ આઈએસએસઆઈની ૫૧મી વર્ષગાંઠ નિમિત્તે એક કાર્યક્રમને સંબોધતા ડારે કહ્યું, “અમે દુશ્મનીમાં વિશ્વાસ કરતા નથી. અમે ભારત સાથે સારા પડોશી સંબંધો બનાવીને જમ્મુ અને કાશ્મીર વિવાદને શાંતિપૂર્ણ અને યોગ્ય રીતે ઉકેલવા માંગીએ છીએ. ઈશાક ડારે કહ્યું કે પાકિસ્તાન અને ભારત વચ્ચે વર્ષોથી સમસ્યાઓ છે. અમને લાગે છે કે ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકારના ત્રીજા કાર્યકાળ સાથે, સમય આવી ગયો છે કે આપણે બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવા માટે ગંભીરતાથી વિચાર કરીએ. આ માત્ર ભારત અને પાકિસ્તાન જ નહીં પરંતુ સમગ્ર દક્ષિણ એશિયાના હિતમાં હશે.

વિદેશ મંત્રીએ કહ્યું કે, પાકિસ્તાન હંમેશા વાતચીત દ્વારા મુદ્દાઓ ઉકેલવાનું સમર્થક રહ્યું છે. પરંતુ અમે પાકિસ્તાન પર એકપક્ષીય નિર્ણયો લાદવાના અને પ્રદેશમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાના ભારતના પ્રયાસોને ક્યારેય સ્વીકારીશું નહીં. ભારતને ચેતવણી આપતાં ડારે કહ્યું કે પાકિસ્તાન દક્ષિણ એશિયામાં સ્થિરતા જાળવવા માટે દરેક જરૂરી પગલાં લેશે. જો ભારતની હિંદુત્વ સરકાર સૈન્ય કાર્યવાહી કરવાનો કોઈ પ્રયાસ કરશે તો અમે તેનો ચોક્કસ જવાબ આપીશું.

જ્યાં એક તરફ પાકિસ્તાનના મંત્રીઓ ભારત સાથે સંબંધો સુધારવાની વાત કરી રહ્યા છે, તો બીજી તરફ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં બેઠક દરમિયાન પાકિસ્તાની પ્રતિનિધિએ ફરી એકવાર કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો. પાકિસ્તાનને જવાબ આપતાં ભારતના પ્રતિનિધિ પ્રતીક માથુરે કહ્યું કે, “આજે એક પ્રતિનિધિમંડળે આ બેઠકનો ઉપયોગ ખોટી વાતો ફેલાવવા માટે કર્યો હતો.”

## પંજાબમાં આતંકવાદી ઘૂસ્યા હોવાની માહિતી મળતા હાઈ એલર્ટ જારી

ચંદીગઢ, તા.૨૬

પંજાબના સરહદી જિલ્લા ગુરદાસપુર અને પઠાણકોટમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પોલીસ દ્વારા દાવોકરવામાં આવી રહ્યો છે કે, તેમને બે શંકાસ્પદ આતંકવાદીઓ ઘૂસી આવ્યા હોવાની માહિતી મળી છે. આ લોકો પઠાણકોટમાં ઘૂસ્યા છે. આ રિપોર્ટ બાદથી જ હાઈ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યુ છે.

આંતરરાષ્ટ્રીય સરહદ પાસે સ્થિત ગામ કોટ બાઠિયાંના એક ગ્રામીણે કંટ્રોલ રૂમને જાણ કરી હતી કે મેં મારા ફાર્મ હાઉસ પાસેથી ચહેરા ઢાંકેલા બે લોકોને પસાર થતા જોયા છે. બંને ભારે હથિયારોથી સજ્જ હતા. ગ્રામીણે પોલીસને કહ્યું કે, તેઓએ મને બંદૂક બતાવીને ડિનર તૈયાર કરવામાં માટે કહ્યું. રાત્રિભોજન કર્યા બાદ તેઓ ઘરની બહાર નીકળી ગયા અને પઠાણકોટ તરફ આગળ વધ્યા હતા. પોલાસે આ ગ્રામીણની માહિતી શેર નથી કરી. આ મામલે માહિતી મળ્યા બાદ પઠાણકોટના એસએસપી સુહૈલ કાસિમ મીરે તાત્કાલિક વરિષ્ઠ અધિકારીઓની બેઠક બોલાવી. આ ઉપરાંત ગુરદાસપુરમાં પણ વહીવટી તંત્રએ બેઠક કરીને સ્થિતિનો તાગ મેળવ્યો હતો. જિલ્લા એસપી હરીશ દાયમાએ પોલીસ લાઈન્સમાં તમામ પોલીસ સ્ટેશનના પ્રમુખોની બેઠક બોલાવી હતી. એક અહેવાલ પ્રમાણે ગુરદાસપુરના તમામ રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેન્ડ પર ટેસ્ટિંગ સઘન તપાસ હાથ ધરાઈ છે. આ ઉપરાંત ગુરદાસ પુર, ધારીવાલ, દીનાનગરમાં પણ કડકાઈ દાખવવામાં આવી રહી છે. ગુરદાસપુર-પઠાણકોટ-જમ્મુ નેશનલ હાઈવે પર પણ પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત છે. વાહનો પર નજર રાખવામાં આવી રહી છે. બટાલા પોલીસને પણ એલર્ટ કરી દેવામાં આવી છે. આ મામલાની માહિતી સેના અને બીએસએફ સાથે પણ શેર કરવામાં આવી છે. પઠાણકોટના એરફોર્સ સ્ટેશનને પણ એલર્ટ કરી દેવામાં આવ્યું છે અને સુરક્ષા વધારી દેવામાં આવી છે.

# હવે કેજરીવાલ ૩ દિવસ સીબીઆઇના રિમાંડ પર

નવીદિલ્હી,તા.૨૫

અરવિંદ કેજરીવાલની મુશ્કેલી સતત વધી રહી છે. પહેલા ઈડીએ તેમની સામે કાર્યવાહી કરી હતી જેમા એકવાર ચુંટણી દરમ્યાન જામીન મેળવ્યા સિવાય અરવિંદ કેજરીવાલ જેલવાસ ભોગવી રહ્યા છે ત્યારે હવે સીબીઆઈએ તેની ધરપકડ કરી તેના રીમાન્ડ મેળવ્યા છે. આ પહેલા નિચલે કોર્ટે જામીન આપ્યા બાદ સમગ્ર મામલો સુપ્રિમમાં ગયો હતો અને કેજરીવાલનો જેલવાસ લંબાયો હતો સીબીઆઈ ૨૫ જૂને રાત્રે ૯ વાગ્યે તિહાર ગઈ હતી અને લિકર પોલિસીમાં ભ્રષ્ટાચાર અંગે કેજરીવાલની પૂછપરછ કરી હતી. અગાઉ, ઈડીએ ૨૧ માર્ચે મની લોન્ડરિંગના આરોપમાં તેમની ધરપકડ કરી હતી. તે છેલ્લા ૮૭ દિવસથી તિહારમાં બંધ છે. જોકે, તે ૧૦ મેથી ૨ જૂન સુધી ૨૧ દિવસ માટે પેરોલ પર હતા. વકીલ વિવેક જૈન અને વિક્રમ ચૌધરી કેજરીવાલ વતી ટ્રાયલ કોર્ટમાં હાજર રહ્યા હતા સીબીઆઈ વતી એડવોકેટ ડીપી સિંહે દલીલો કરી હતી.જે બાદ ટ્રાયલ કોર્ટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ત્રણ દિવસ માટે CBI કસ્ટડીમાં મોકલી દીધા છે. બુધવારે સવારે સીબીઆઈએ લીકર પોલિસી કેસમાં ભ્રષ્ટાચારના આરોપમાં કેજરી વાલની ધરપકડ કરી હતી. આ પછી સીબીઆઈએ તેમને ટ્રાયલ કોર્ટમાં રજૂ કરી ૫ દિવસની કસ્ટડી માગી હતી. લગભગ ૪ કલાક સુધી દલીલો સાંભળ્યા બાદ કોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. બુધવારે સાંજે ૭ વાગ્યે કોર્ટે ચુકાદો આપ્યો હતો.



### કોર્ટમાં કેજરીવાલની તબિયત બગડી

સુનાવણી દરમિયાન જ કોર્ટ રૂમમાં જ કેજરીવાલની તબિયત બગડી હતી. સુગર લેવલ ઘટી જવાને કારણે તેમને થોડા સમય માટે અલગ રૂમમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. જો કે, બાદમાં તેઓ કોર્ટરૂમમાં પરત ફર્યા હતા. સુનાવણી દરમિયાન કેજરીવાલે કહ્યું કે મીડિયામાં એવા સમાચાર પ્રસારિત થઈ રહ્યા છે કે મેં સિસોદિયા પર લીકર પોલિસીને લઈને આરોપો લગાવ્યા છે. આ ખોટું છે. મેં કહ્યું હતું કે કોઈ દોષિત નથી. સિસોદિયા પણ દોષિત નથી. તેના પર સીબીઆઈના વકીલે કહ્યું કે મીડિયામાં જે પણ ચાલી રહ્યું છે તે સાચું છે. બધું તથ્યો પર આધારિત છે.આમ આદમી પાર્ટી (AAP)એ દિલ્હી લિકર પોલિસીમાં છેડછાડ કરવા માટે સાઉથ ગ્રૂપના સભ્યો પાસેથી ૧૦૦ કરોડ રૂપિયા ની લાંચ લીધી હતી. AAPએ ૨૦૨૨માં ગોવા વિધાનસભા ચૂંટણી દરમિયાન કૌભાંડનાં નાણાંનો એક ભાગ વાપર્યો હતો.

### આખી સિસ્ટમ તેને અંદર કરવામાં વ્યસ્ત : સુનીતા

સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓ વધી ગઈ છે. તે જ સમયે, આમ આદમી પાર્ટી પણ કેન્દ્ર સરકાર અને ભાજપ પર આક્રમક બની છે. કેજરીવાલની પત્ની સુનીતા કેજરીવાલે સીએમની ધરપકડને તાનાશાહી પગલું ગણાવ્યું છે.સુનીતા કેજરીવાલે એક્સ પર પોસ્ટ કરીને કહ્યું કે, અરવિંદ કેજરીવાલને ૨૦ જૂને જામીન મળ્યા હતા. ED તરત જ હાઈકોર્ટમાં ગઈ અને તેના પર પ્રતિબંધ લગાવ્યો. બીજા જ દિવસે સીબીઆઈએ તેમને આરોપી બનાવ્યા અને આજે ધરપકડ કરી. વ્યક્તિ જેલ માંથી બહાર ન આવે તે માટે સમગ્ર તંત્ર પ્રયાસ કરી રહ્યું છે. આ કાયદો નથી. આ સરમુખત્યારશાહી છે, આ કટોકટી છે. અરવિંદ કેજરીવાલ દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં જેલમાં છે.

## અમિત શાહને હત્યાના આરોપી કહેવાના કેસમાં કોર્ટમાં રાહુલને હાજરી આપવી પડશે

સુલતાનપુર,તા.૨૬

સુલતાનપુરની એમપી એમએલએ કોર્ટે અમિત શાહ વિરુદ્ધ હેટ સ્પીચ કેસમાં કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને ૨ જુલાઈએ હાજર થવાનો આદેશ આપ્યો છે. બુધવારે સુનાવણી દરમિયાન જજે રાહુલના વકીલને પૂછ્યું કે તે ક્યાં છે? વકીલ કાશી પ્રસાદ શુક્લાએ જણાવ્યું કે લોકસભામાં સ્પીકર પદ માટે ચૂંટણી છે. તેથી તે કોર્ટ માં હાજર થયા નથી. કોર્ટે રાહુલને ૨ જુલાઈએ રૂબરૂ હાજર થવાનો આદેશ આપ્યો છે. ૮ મે ૨૦૧૮ના રોજ, બેંગલુરુમાં કર્ણાટક વિધાનસભા ચૂંટણી દરમિયાન, રાહુલ ગાંધીએ એક પ્રેસ કોન્ફરન્સમાં અમિત શાહને હત્યાના આરોપી ગણાવ્યા હતા. સુલતાનપુરના બીજેપી નેતાએ તેમની સામે માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. આ વર્ષની શરૂઆતમાં રાહુલ ગાંધી ૨૦ ફેબ્રુઆરીએ કોર્ટમાં હાજર થયા હતા. આ કેસ ૫ વર્ષથી ચાલી રહ્યો છે. ડિસેમ્બર ૨૦૨૩માં, સાંસદ/ધારાસભ્ય કોર્ટના તત્કાલિન ન્યાયાધીશે રાહુલ ગાંધી વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું હતું. રાહુલે ૨૦ ફેબ્રુઆરીએ સુલતાનપુર કોર્ટમાં પહોંચ્યા બાદ સરેન્ડર કર્યું હતું. કોર્ટે તેમને ૨૫,૦૦૦ રૂપિયાના બે બોન્ડ પર જામીન આપ્યા હતા. ત્યારથી, દર મહિને સતત તારીખો પડી રહી છે. પ્રથમ તારીખ ૨ માર્ચ હતી. આ પછી ૧૩ માર્ચ, ૨૨ માર્ચ, ૨ એપ્રિલ, ૧૨ એપ્રિલ, ૨૨ એપ્રિલ, ૨ મે, ૧૪ મે, ૨૭ મે, ૭ જૂન, ૧૮ જૂન અને ૨૬ જૂન. પરંતુ, રાહુલ આવ્યા ન હતા. તેમના વતી તેમના વકીલ કાશી શુક્લા હાજરીમાંથી મુક્તિ માટે અરજી કરી રહ્યા છે. રાહુલનું નિવેદન કોર્ટમાં નોંધવાનું છે.

ન્યૂઝ ફોર કચ્છ 'વાત કચ્છીયતની'
ન્યૂઝ ફોર કચ્છ દૈનિક
THURSDAY 27-06-2024

## આજનું રાશિફળ

**મેષ :**
આજનો દિવસ તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. તમારા જીવનસાથીની તબિયત ચિંતાનું કારણ બની શકે છે તથા તબીબી મદદની જરૂર પડશે. આજે તમારૂં પ્રેમ જીવન તમને આશીર્વાદ આપી રહ્યું છે. વિકાસ અને સમૃદ્ધિ માટે સંબંધીઓ નવા પ્રસ્તાવો લાવી શકે છે. તમે ખુદ ને સમય આપવાનું જાણો છો અને આજે તો તમને ઘણું ખાલી સમય મળવા ની શક્યતા છે. ખાલી સમય માં આજે તમે કોઈ રમત રમી શકો છો અથવા જિમ જાયી શકો છો. એવી શક્યતા પ્રબળ છે કે તમારા અને તમારા જીવનસાથી વચ્ચેના પ્રેમનું કદાચ ધોવાણ થાય.

**વૃષભ :**
આજનો દિવસ ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો? તમને પ્રેમ કરતા તથા તમારી દરકાર કરતા લોકોની સંગતમાં થોડોક ગુણવત્તાયુક્ત સમય વિતાવજો. આજે તમારા પ્રેમી કે પ્રેમિકાને નિરાશ ન કરતા-કેમ કે એનાથી તમને પછીથી પસ્તાવો થશે. ભાગીદારીમાં નવું સાહસ શરૂ કરવા માટે સારો દિવસ. સૌને લાભ થવાની શક્યતા છે. પણ ભાગીદાર સાથે હાથ મેળવતા પૂર્વે વિચારજો. સામાજિક તથા ધાર્મિક કાર્યક્રમો માટે અદભુત દિવસ.

**મિથુન :**
આજનો દિવસ તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર તમારો દિવસ ઝળહળતો કરી મુકશે. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. સાવધાનીપૂર્વક પગલાં લેવાનો દિવસ- આથી જ્યાં સુધી તમને વિશ્વાસ ન બેસે કે તમારા વિચારો નિષ્ફળ નહીં જાય, ત્યાં સુધી તેમને રજૂ ન કરતા. એવી બાબતો નું પુનરાવર્તન કરવું કે જેને હવે તમારા જીવન માં કોઈ મહત્વ નથી. આ કરી ને તમે તમારો સમય બગાડશો અને બીજું કંઇ નહીં.

**કર્ક :**
આજનો દિવસ ઉચ્ચ કેલેરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂરૂ નહીં રહે. આજે તમને આ વાસ્તવિકતાની અનુભૂતિ થશે. અનોય તમારે વધારો પડતો સમય માગશે-તેમને કોઈ વચન આપો એ પૂર્વે તકેદારી રાખે કે તમારા કામા પર તેની અસર ન થાય તથા તેઓ તમારી સારપ અને ઉદારતાનો લાભ તો નથી લઈ રહ્યા. આજે શક્ય હોય તેટલુ લોકો થી દૂર રહો. લોકો ને સમય આપવા કરતાં પોતાને સમય આપ વા નું વધુ સારું છે.

**સિંહ :**
આજનો દિવસ તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. કોઈ ની સલાહ લીધા વગર તમને આજે પૈસા નિવેશ ના કરવા જોઈએ? તમારૂં બાળક જેવું તથા નિર્દોષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તમારા સ્મિતોનો કોઈ જ અર્થ નથી-હાસ્યનો કોઈ અવાજ નથી-હૃદય પણ થડકો ચૂકી ગયું છે કેમ કે તમે કોઈકનો સાથ મિસ કરી રહ્યા છો. પ્રેમ અમર્યાદિત છે, પ્રેમ બેશુમાર છે, તમે આ વતો પહેલા પણ સાંભળી હશે. પણ આજે તમે તેનો અનુભવ કરશો. જિંદગી ની ચાલતી ભાગદોડ માં આજે તમને પોતાના માટે સમય મળશે અને તમે પોતાના પસંદગી ના કામો કરવા માં સક્ષમ હશો. કોઈ સ્વાદિષ્ટ વાનગી ખવાની ઈચ્છા અથવા માત્ર એક આલિંગન માટેની નાનકડી માગ તરફ તમે જો દુર્લક્ષ કરશો તો તમારા જીવનસાથી તમારાથી નારાજ થવાની શક્યતા છે.

**કન્યા :**
આજનો દિવસ ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે. દિવસના ઉત્તરાર્ધમાં તમે આરામ મહેસૂસ કરશો. તમારી સખેત મહેનતનું વળતર મળશે કેમ કે તમને પ્રમોશન મળવાની શક્યતા છે. નાણાંકીય લાભો વિશે વિચારતા નહીં કારણ કે લાંબા ગાળામાં તમે જ લાભાર્થી ઠરવાના છો. આજે તમે સંબંધો નું મહત્વ અનુભવી શકો છો કારણ કે આજે તમે તમારા મોટાભાગ ના સમય તમારા પરિવાર ના સભ્યો સાથે વિતાવશો. તમારા જીવનસાથીની તબિયતમાં થોડો બગાડ થઈ શકે છે.

**તુલા :**
આજનો દિવસ સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. ચિંતા ન કરતા આજે તમારા દુ:ખ બરફની જેમ ઓગળી જશે. આજે કાર્યક્ષેત્ર માં અચાનક તમારા કામ ની ચકાસણી થયી શકે છે. જો આવા માં તમે કોઈ ભૂલ કરી છે તો તેનો નુકસાન તમારે ભોગવવું પડી શકે છે. આ રાશિ ના વેપારીઓ આજે પોતાના વેપાર ને નવી દિશા આપવા માટે વિચારી શકે છે. તમારો અભિપ્રાય પૂછાય ત્યારે શરમાતા નહીં-કેમ કે તમારા અભિપ્રાય માટે તમારા ખાસ્સા વખાણ થવાના છે. કામના સ્થળે પરિસ્થિતિ સારી જણાય છે.

**વૃશ્ચિક :**
આજનો દિવસ તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો? તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. તમે સીધા જવાબ નહીં આપો તો તમારી સાથે સંકળાયેલા લોકો તમારાથી નારાજ થાય એવી શક્યતા છે. ઘર ના કામકાજ પૂર્ણ કર્યા પછી, આ રાશિ ની ગૃહિણીઓ આજે મફત સમય માં ટીવી અથવા મોબાઈલ પર મૂવી જોઈ શકે છે.

**ધન :**
આજનો દિવસ મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો. આજે શરૂઆતથી અંત સુધી કામના સ્થળે તમને સતત સ્ર્ફૂતિનો અનુભવ થાય એવો આ દિવસ છે. પ્રવાસ તરત કોઈ પરિણામ નહીં લાવે પણ ભાવિ લાભ માટે તે સારો પાયો ચણશે.

**મકર :**
આજનો દિવસ સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપવાની જરૂર પડશે. યોગ્ય સલાહ લેજો કેમ કે તમારી બાજુએ જરાક પણ બેદરકારી સમસ્યાને વકરાવી શકે છે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે, તેથી ઘણી વખત તમારા પર ગુસ્સે થશે, તેના ગુસ્સા પર નારાજ થવા કરતા તેના શબ્દો ને સમજવું વધુ સારું રહેશે. કોઈપણ ભાગીદારીમાં જોડાતા પૂર્વે તમારી અંદરની લાગણીને સાંભળજો. આજે તમે બધા કામો ને મૂકી તે કામ કરવાનું પસંદ કરશો જે તમે નાનપણ ના દિવસો માં કરતા હતા.

**કુંભ :**
આજનો દિવસ શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે. તમે જાણતા હો એવી સ્ત્રી તરફથી કામની તકો આવશે. આજે તમે ઘરે મળેલી જૂની વસ્તુ જોઈને ખુશ થઈ શકો છો અને આખો દિવસ તે સામગ્રી ની સફાઈ માં વિતાવશો. તમારા ખરા જીવનસાથી સાથે હોવાની અનુભૂતિ કેવી હોય છે તે તમે આજે અનુભવશો.

**મીન :**
આજનો દિવસ આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. તમે પ્રેમમાં ધીમે પણ એકધારા બળશો. આનંદ-પ્રમોદ તથા મનોરંજન માટે સારો દિવસ, પણ જો તમે કામ કરી રહ્યો હો તો તમારે બિઝનેસને લગતા સોદાઓમાં સાવચેતી રાખજો. તમે ખુદ ને સમય આપવાનું જાણો છો અને આજે તો તમને ઘણું ખાલી સમય મળવા ની શક્યતા છે. ખાલી સમય માં આજે તમે કોઈ રમત રમી શકો છો અથવા જિમ જાયી શકો છો. તમારી જીવનસંગિનીને નિયમિત ધોરણે સરપ્રાઈઝ આપો, અન્યથા તેને લાગશે કે તમારા જીવનમાં તેનું કોઈ મહત્વ જ નથી.

## બાળકો હોંશે હોંશે ભણવા આવે એ પ્રકારની સુવિધાઓ સરકારી શાળાઓમાં છે : પ્રભારી સચિવ

# મહિલાઓની દરેક ક્ષેત્રમાં ભાગીદારી વધે તે માટે રાજ્ય સરકાર પુરતા પ્રયત્નો કરી રહી છે

ભુજ તા.૨૬

કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં આજથી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ -૨૦૨૪નો પ્રારંભ થયો છે, ત્યારે કચ્છના સરહદી લખપત તાલુકાના કોટડા મઢ અને ભાડરા ગામની પ્રાથમિક શાળા ખાતે પ્રભારી સચિવ અને આરોગ્ય કમિશનર હર્ષદ પટેલે ભૂલકાઓને શાળામાં પ્રવેશ અપાવીને કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. કોટડા મઢ પ્રાથમિક શાળામાં ૪૫ બાળક-બાલિકાઓ અને ભાડરા પ્રાથમિક શાળામાં ૨૯ બાળક-બાલિકાઓને પ્રવેશ પ્રભારી સચિવ સાથે ઉપસ્થિત મહાનુભાવોએ અપાવ્યો હતો.

આ પ્રસંગે કચ્છ જિલ્લા પ્રભારી સચિવ પટેલે ગુણવત્તા સભર શિક્ષણ ઉપર ભાર મુકીને જણાવ્યું હતું કે, દુનિયાની સાથે તાલમેલ મેળવવા માટે શિક્ષણની નવી પદ્ધતિઓને અપનાવવી ખૂબ જ જરૂરી છે, રાજ્ય સરકારના પ્રવેશોત્સવ



જેવા મહા અભિયાનથી આજે ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે, બાળકો હોંશે હોંશે ભણવા માટે સ્કૂલે આવે એ પ્રકારની સુવિધાઓ સરકારે ગામડાઓની સરકારી સ્કૂલોમાં ઉપલબ્ધ કરાવી છે.

મહિલાઓની દરેક ક્ષેત્રમાં ભાગીદારી વધે તે માટે રાજ્ય સરકાર પુરતા પ્રયત્નો કરી રહી છે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ગુજરાતમાં બાલિકાઓ માટે આર્શીવાદરૂપ બનીને ઊભરી આવ્યો છે. કચ્છની ભૌગોલિક પરિસ્થિતિ અને પડકારોનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતુ કે, સરહદી વિસ્તારોમાં શૈક્ષણિક ઉત્થાન માટે સરકારની સાથે એનજીઓ નોંધનીય પ્રયાસો કરી રહ્યા છે. સરકારના પ્રયાસોથી કચ્છના સરહદી ગામના બાળકો રાજ્યસ્તરની પરિક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી રહ્યા છે. ભાડરા પ્રાથમિક શાળાએ ગુણોત્સવમાં 'એ' ગ્રેડ મેળવવા બદલ શાળાની શૈક્ષણિક કામગીરીને બિરદાવી હતી. બંને ગામની શાળામાં એસ.એમ.સી.ની બેઠક દરમિયાન ગામમાં શિક્ષણની સ્થિતિ વિશે જાણકારી મેળવી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત સભ્ય, નાયબ માહિતી નિયામક મિતેષ મોડાસિયા, આર.સી.એચ.ઓ. જે.એ.ખત્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સામંત વસરા, બી.આર.સી કોર્ડિનેટર જે.ડી. મહેશ્વરી સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## માતાનામઢ ખાતે શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવતા આરોગ્ય કમિશનર



ભુજ : આજથી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ/૨૦૨૪નો પ્રારંભ થયો છે, ત્યારે કચ્છના લખપત તાલુકાના માતાનામઢ પ્રાથમિક શાળા ખાતે પ્રભારી સચિવ અને આરોગ્ય કમિશનર હર્ષદ પટેલે ભૂલકાઓને શાળામાં પ્રવેશ અપાવીને શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. પ્રભારી સચિવ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ દીપપ્રાગટ્ય કરીને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. પ્રભારી સચિવે બાલવાટિકામાં ૩૭ અને ધો.૧ માં ૦૬ બાળકો એમ કુલ ૪૩ બાળકોને પ્રવેશ અપાવ્યો હતો. આ પ્રસંગે પ્રભારી સચિવે જણાવ્યું હતું કે, શાળાકીય શિક્ષણ અને કેળવણીમાં ગુજરાત સરકારના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમે મહત્વનો ભાગ ભજવ્યો છે, આજના બાળકોને આવતીકાલના ભારતનું ભવિષ્ય ગણાવીને તેમણે ઉમેર્યું હતું કે, બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળે તે ખૂબ જ જરૂરી છે અને એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી જીવનમાં ખૂબ પ્રગતિ કરો એવી શુભેચ્છાઓ પાઠવી. આ પ્રસંગે લખપત તાલુકા પંચાયત પ્રમુખ જશુભા જાડેજા, નાયબ માહિતી નિયામક મિતેષ મોડાસિયા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સામંતભાઈ વસરા, બી.આર.સી કોર્ડિનેટર શ્રી જે.ડી. મહેશ્વરી, આશાપુરા ફાઉન્ડેશનના પ્રતિનિધિ પ્રીતિબેન જાડેજા, શાળાના આચાર્ય જયપાલ ભારમલ, અરવિંદ શાહ સહિત ગ્રામજનો, શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# સ્કુલ ચલે હમ : કચ્છભરમાં બાળકોનો શાળા પ્રવેશ ઉત્સવ



### કલેકટર અમિત અરોરા સહિત ધારાસભ્ય અને સરકારી અધિકારીઓએ બાળકોને શાળા પ્રવેશ ઉત્સવ કરાવ્યો કેશુ પટેલ,અનુરૂધ્ધ દવે,માલતીબેન મહેશ્વરી કાર્યક્રમમાં જોડાયા

સમગ્ર રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં પણ ૨૮ જૂન સુધી શાળાપ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ -૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત નખત્રાણા તાલુકાના રવાપર તથા ઘડાણી ખાતે કલેકટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને યોજાયેલા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અન્વયે ૬૧ બાળકોને શાળાપ્રવેશ કરાવાયો હતો.તો ધારાસભ્ય કેશુ પટેલના અધ્યક્ષસ્થાને ભુજ પ્રાથમિક શાળા નં.૧ તથા ૧૬ તેમજ રાવલવાડી રીલોકેશન પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. ધારાસભ્ય અનિરુધ્ધ દવેએ મુંદરા તાલુકાના ટુંડાવાંઢ પ્રાથમિક શાળા, ટુંડા પ્રાથમિક શાળા તથા મોટા કાંડાગરાની સરકારી હાઈસ્કુલ ખાતે બાળકોને શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો. ધારાસભ્ય માલતી મહેશ્વરીના અધ્યક્ષસ્થાને ગાંધીધામ ખાતે નવી સુંદરપુરી કન્યા પ્રાથમિક શાળા, નવી સુંદરપુરી કુમાર પ્રાથમિક શાળા તથા સી.જી.હાઈસ્કુલ ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો.આ ઉપરાંત અન્ય તાલુકા મથકો અને શહેરી વિસ્તારમા બાળકોને કીટનુ વિતરણ કરવા સાથે પ્રવેશ કરાવ્યો હતો




















### ૩૦ હજાર વિદ્યાર્થીઓને પ્રવેશ

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે કચ્છ જિલ્લાના ૩૦ હજાર વિદ્યાર્થીઓએ બાલવાટિકા, ધો.૧, ધો.૯ અને ધો.૧૧..૧૨ માં પ્રવેશ મેળવ્યો હતો પ્રથમ દિવસે જિલ્લામાં ૩૬ લાખ ૫૮ હજાર શાળાના વિદ્યાથી-'ઓને રોકડ વસ્તુ સ્વરૂપે સહયોગ પ્રાપ્ત થયો હતો. ૧૨૭ પ્રવેશોત્સવના રૂટમાં ૬૫૮ જેટલી શાળાઓમાં ૧૯૦૦ જેટલા મહાનુભાવોએ પ્રેરણાત્મક મુલાકાત લીધી હતી.જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમાર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભૂપેન્દ્ર વાઘેલાએ સહયોગીઓની ઉદારતાને બિરદાવી હતી.આઈએએસ અધિકારી ઈ સુસ્મિતા દ્વારા વિદ્યાર્થીઓને બાલવાટિકા અને ધોરણ-૧ માં પ્રવેશ અપાયો હતો. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમાર એ વિગતો આપતા જણાવ્યું હતું કે જિલ્લામાં ૩ આઈ. એ.એસ હર્ષદ પટેલ માતાના મઢ ,લખપત, તાલુકાથી,બી.એચ.તલાટીએ રાપર બી.બી.વાહોનીયાએ ભચાઉ ,કલેકટર અરોરા સાહેબ, રવાપર નખત્રાણા તથા. શ્રી સુસ્મિતાએ ભુજમાં શાળા પ્રવેશ કરાવ્યો હતો આ ઉપરાંત તાલુકા મથકો પર ભાજપના ધારાસભ્ય સહિતના નેતાઓ જોડાયા હતા ૧૨ રાજ્ય કક્ષા ના તથા જિલ્લા કક્ષાના અધિકારી સહિત ૧૨૭ રૂટ પરહાજર રહી પ્રવેશોત્સવ ની ઉજવણી માં સહભાગી થયા હતા હતા.



# રવાપર ગામે પાણીની વિકટ સમસ્યા: પંચાયતની રજૂઆતને કોઈ ગાઠતું નથી

રવાપર તા.૨૫

નખત્રાણા તાલુકાના રવાપર ગામે પાણી પુરવઠાની બેદરકારી કે કોઈ કારણે પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાતા વારંવાર પંચાયત અને ગામ લોકોમાં ઘર્ષણ સર્જાય છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઉપરથી ૬ લાખ લીટર પાણી આવે તો બંધ કર્યા વિના ગ્રામ પંચાયત વિતરણ કરે છે, પરંતુ નર્મદાની લાઈન હેઠળના આ ગામે બે ત્રણ દિવસ પાણીનો કાપ અને ઓછો ફલો તેમાં તાજેતરમાં તા.પં પ્રમુખના ગામે લાઈન તૂટતા ત્રણ દિવસે માંડ પાણી ચાલુ થયું હતું આવી પરિસ્થિતિમાં ગામમાં પાણી આપવું મુશ્કેલ બની જાય છે. એક દિવસ પાણી આવે અને બે દિવસ બંધ રહે ત્યારે ઉંચાણ વિસ્તારોમાં પાણી પહોંચાડવું મુશ્કેલ બને છે, સરપંચ પરેશ રૂપારેલ ના જણાવ્યા પ્રમાણે સબંધિત પા.પુ. કચેરી દયાપર, નલીયા, અંજાર અને ધારાસભ્યને રજુઆત કરી છતાં પાણી મળતું નથી. ગામના અમુક હિતશત્રુઓ દ્વારા રાત્રીના સમયે ગામની મેઈન લાઈનને નુકશાન કરી વિતરણ વ્યવસ્થા ખોરવી રહ્યા છે, આ સંદર્ભે પોલીસને રજુઆત કરાઈ છે, અને આવા તત્વો સામે પંચાયત કડક પગલાં ભરતા અચકાશે નહીં તેવી ચીમકી પણ સરપંચ દ્વારા અપાઈ છે. અમુક હિતશત્રુઓ પંચાયત દ્વારા કરાયેલ કાર્યવાહીનું મન દુખ રાખી લોકોને ખોટી રીતે ઉશ્કેરી ગામના વિકાસમાં રોડા નાખતા હોવાનું જણાવી આવા લોકો સામે કાનુની કાર્યવાહી કરવા પૂર્વ તા.પં.વિપક્ષી નેતા અશ્વિન રૂપારેલે માંગ કરી હતી, તેમના કહેવા મુજબ નખત્રાણા તા.પં., જિલ્લા પંચાયત, ધારાસભ્ય રવાપર વિસ્તાર સાથે જોડાયેલ હોવા છતાં અઢી વર્ષમાં વિકાસ માટે કોઈ રકમ ફાળવી નથી, અધિકારીઓ પણ કોંગ્રેસ પક્ષના ડેલીગેશનની દબાણ રજૂઆતની કિન્નાખોરી રાખી રાગ દ્વેષથી કાર્યવાહી કરશે તો કાયદા મુજબ કાર્યવાહી કરાશે જોકે આવી શંકા શા માટે વ્યક્ત કરાઈ તેનો કોઈ ઉલ્લેખ તેમની યાદીમાં કરાયો ન હતો.

**પાણી પ્રશ્ને પંચાયત અને લોકો વચ્ચે સર્જાતું ઘર્ષણ**



# સાંઘીપુરમ ખાતે વિવિધ સેવાકીય કાર્યો સાથે અદાણી મેડિકલ સેન્ટરનો પ્રારંભ

સાંઘીપુરમ તા.૨૫

અદાણી ફાઉન્ડેશન અને અદાણી સિમેન્ટ દ્વારા સાંઘીપુરમ ખાતે અદાણી મેડિકલ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના જન્મદિવસે અબડાસાની આસપાસના અંતરિયાળ ગામોને આરોગ્ય લાભ મળી રહે તેવા ઉમદા હેતુથી આ સુવિધા ઉભી કરવામાં આવી છે. ઉપરાંત સાંઘીપુરમ નજીકના ગામોનાં ૧૫ દિવ્યાંગોને જરૂરી સાધનોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અબડાસા તાલુકા પંચાયતના પ્રમુખ, આગેવાનો સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગૌતમ અદાણીના જન્મદિન (૨૪મી જૂન) નિમિત્તે વિવિધ સામાજીક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંઘીપુરમ ખાતે અદાણી મેડિકલ સેન્ટરના શુભારંભ સહિત દિવ્યાંગોને જરૂરી સાધનોનું વિતરણ તેમજ વૃક્ષારોપણ જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.મહંત જનકદાસબાપુ તથા મહાનુભાવોની ઉપસ્થિતીમાં ''અદાણી મેડિકલ સેન્ટર'' નો શુભારંભ કરવામાં આવ્યો હતો. ઉપરાંત દિવ્યાંગોના હસ્તે સિમેન્ટ પ્લાન્ટના કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર એસ.કે.પ્રજાપતિએ જિલ્લા વહીવટી તંત્ર તરફથી નવી મેડિકલ સુવિધા ઉપલબ્ધ થવા બદલ સૌને શુભકામનાઓ પાઠવી હતી.

અબડાસા તાલુકા પંચાયતના પ્રમુખ મહાવીરસિંહ જાડેજાએ તાલુકા પંચાયત તરફથી સહયોગની ખાતરી આપતા જણાવ્યું કે ''આ વિસ્તારમાં અદાણી જૂથની સામાજીક પ્રવૃત્તિઓથી અનેક સમસ્યાઓનું નિવારણ



થશે.તો પૂર્વ પ્રમુખ મૂળરાજભાઈ ગઢવીએ પણ અદાણી ફાઉન્ડેશનના ઉમદા કાર્યોની પ્રસંશા કરતા અદાણી મેડિકલ સેન્ટરની સુવિધાને વધાવી હતી. લખપત તાલુકા પંચાયત પ્રમુખ જસુભા જાડેજાએ અદાણી જુથની સેવાકીય પ્રવૃતિઓની ભારોભાર પ્રસંશા કરતા યથાસંભવ સહયોગની ખાતરી આપી હતી.

લખપત દિવ્યાંગ મંચના ઉપપ્રમુખ આમદભાઈએ જણાવ્યું હતું કે''અદાણીએ અમારા વિસ્તારના દિવ્યાંગો સામે સંવેદના દાખવી તે અમારા અહોભાગ્ય છે. અદાણી સિમેન્ટના પ્લાન્ટ હેડ વિવેક મિશ્રાએ જણાવ્યું હતું કે 'આ મેડિકલ સેન્ટરમાં લોકોના આરોગ્ય માટે ખાસ કાળજી લેવામાં આવશે. ત્રણ ડોક્ટરોની ટીમ કાયમી ફરજ બજાવશે. તો સિમેન્ટ ઉધોગના સી.એસ.આર. હેડ નિતિન શિરલકરે જણાવ્યું હતું કે ''અમો આ વિસ્તારની પ્રાથમિક જરૂરિયાતોને પ્રાથમિકતા આપતા આરોગ્ય, શિક્ષણ, સ્કીલ ડેવલપમેન્ટ જેવા કાર્યક્રમો દ્વારા લોકોને વધુ સક્ષમ બનાવતા કામો કરીશું'' ગત વર્ષે અદાણી જૂથે ૫૦ જેટલા દિવ્યાંગોને કાયમી રોજગારી આપીને પ્રેરણાત્મક કાર્ય કર્યુ હતું.

# FILMY ગપશપ

## કંગનાની ફિલ્મ 'ઈમરજન્સી'ની રિલીઝ ડેટ થઈ જાહેર




મુંબઈ, તા.૨૬

કંગનાએ આ ફિલ્મમાં પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવી છે, જે ૧૯૭૫માં ભારતમાં લાદવામાં આવેલી ઈમરજન્સીની વાર્તા પર આધારિત છે. આ ફિલ્મમાં અભિનયની સાથે તેણે તેનું દિગ્દર્શન પણ કર્યુ છે. હવે કંગનાએ તેની ફિલ્મની નવી રિલીઝ ડેટ જાહેર કરી છે જે ઘણી વખત ટાળવામાં આવી હતી. હવે સાંસદ બનેલી અભિનેત્રી કંગના રનૌતે પોતાના ફેન્સ માટે એક મોટા સમાચાર શેર કર્યા છે. કંગનાએ ચૂંટણી જીતીને સાંસદ બન્યા પછી તેના ચાહકો ટેન્શનમાં હતા કે તેની આગામી ફિલ્મ 'ઈમરજન્સી'નું શું થશે. કંગનાએ આ ફિલ્મમાં પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવી છે, જે ૧૯૭૫માં ભારતમાં લાદવામાં આવેલી ઈમરજન્સીની વાર્તા પર આધારિત છે. આ ફિલ્મમાં અભિનયની સાથે તેણે તેનું દિગ્દર્શન પણ કર્યુ છે. હવે કંગનાએ તેની ફિલ્મની નવી રિલીઝ ડેટ જાહેર કરી છે જે ઘણી વખત મોકૂફ રાખવામાં આવી હતી. કંગનાએ તેની ફિલ્મની નવી રિલીઝ ડેટ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં જાહેર કરી હતી. તેણે લખ્યું, 'સ્વતંત્ર ભારતના સૌથી કાળા અધ્યાયનું ૫૦મું વર્ષ શરૂ થતાંની સાથે જ ૬ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સિનેમાઘર-ોમાં કંગના રનૌતની 'ઈમર્જન્સી' રજૂ કરી રહી છે.

ભારતીય લોકશાહીના ઈતિહાસમાં સૌથી વિવાદાસ્પદ એપિસોડ. 'ઈમર્જન્સી'ની પ્રથમ રિલીઝ તારીખ ૨૪ નવેમ્બર, ૨૦૨૩ જાહેર કરવામાં આવી હતી. પરંતુ પાછળથી તે ૧૪ જૂન, ૨૦૨૪ ના રોજ નક્કી કરવામાં આવ્યું હતું. કંગનાએ ચૂંટણી લડવાને કારણે આ ફિલ્મ ફરી એકવાર મોકૂફ રાખવામાં આવી હતી. હવે કંગનાએ આખરે સપ્ટેમ્બર માટે તેની જાહેરાત કરી દીધી છે. જ્યારે કંગના 'ઈમરજન્સી'માં ઈન્દિરા ગાંધીનો રોલ કરી રહી છે તો અનુપમ ખેર પણ તેની સાથે છે.

આ ફિલ્મમાં તે રાજનેતા જયપ્રકાશ નારાયણનું પાત્ર ભજવી રહ્યો છે. મહિમા ચૌધરી ઈન્દિરા ગાંધીના સલાહકાર પુપુલ જયકરની ભૂમિકામાં છે અને મિલિંદ સોમને ફિલ્ડ માર્શલ સેમ માણેકશોની ભૂમિકા ભજવી છે. દિગ્દર્શક તરીકે કંગનાએ અગાઉ ફિલ્મ 'મણિકર્ણિકા'નું નિર્દેશન કર્યુ હતું. રાણી લક્ષ્મીબાઈની બાયોપિકમાં પણ કંગનાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મ માત્ર બોક્સ ઓફિસ પર જ સફળ નથી રહી, તેમાં કંગનાના કામના પણ ખૂબ વખાણ થયા હતા. આ ફિલ્મ માટે કંગનાને 'શ્રેષ્ઠ અભિનેત્રી'નો નેશનલ એવોર્ડ પણ મળ્યો હતો. જ્યારે કંગનાએ 'ઈમરજન્સી'ની જાહેરાત કરી ત્યારે તે માત્ર અભિનેત્રી હતી. પરંતુ ફિલ્મની પૂર્ણાહુતિ અને રિલીઝ વચ્ચે હવે તે પોતે રાજકારણી બની ગઈ છે. આવી સ્થિતિમાં કંગનાની ફિલ્મ થિયેટરોમાં શું અજાયબી કરી શકે છે તે જોવું રસપ્રદ રહેશે.

## અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના ૧૨ જુલાઈએ થવાના છે લગ્ન



# અનંત અંબાણી અજય દેવગનના ઘરે લગ્નનું કાર્ડ આપવા ગયા

### અજય દેવગનના ઘર શિવશક્તિમાંથી બહાર આવતા અનંતનો એક વીડિયો સામે આવ્યો છે

મુંબઈ, તા.૨૬

મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી લગ્ન કરવા જઈ રહ્યા છે. અનંત અને રાધિકા મર્ચન્ટના લગ્નની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. અંબાણી પરિવારે લગ્નના આમંત્રણ કાર્ડનું વિતરણ પણ શરૂ કરી દીધું છે.નીતા અંબાણીએ ૨૪ જૂને કાશી વિશ્વનાથ મંદિરમાં આ કાર્ડ આપ્યું હતું. જે બાદ અંબાણી પરિવારે કાર્ડનું વિતરણ શરૂ કરી દીધું છે. અનંત અંબાણી પોતે બોલિવૂડ એક્ટર અજય દેવગનના ઘરે તેમના લગ્નનું કાર્ડ આપવા ગયા હતા. અજય દેવગનના ઘરેથી બહાર આવતા અનંતનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. અનંત અંબાણી પોતે અજય દેવગન અને કાજોલના ઘરે તેમને આમંત્રણ આપવા માટે પોતે ખુદ ગયા હતા. અજય દેવગનના ઘર શિવશક્તિમાંથી બહાર આવતા અનંતનો એક વીડિયો સામે આવ્યો છે. અનંત ટાઈટ સિક્યોરિટી સાથે હતો. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ ૧૨ જુલાઈના રોજ લગ્ન કરવા જઈ રહ્યા છે. આ લગ્ન Jio વર્લ્ડ કન્વેન્શન સેન્ટર મુંબઈમાં થવા જઈ રહ્યા છે. મહેમાનોને 'સેવ ધ ડેટ' આમંત્રણો, ત્રણ દિવસીય ફંક્શનની તમામ વિગતો સાથેનું પરંપરાગત લાલ અને ગોલ્ડ કાર્ડ મળવાનું શરૂ થઈ ગયું છે. ૧૨ જુલાઈથી લગ્નની વિધિઓ શરૂ થશે. પહેલા શુભ વિવાહ થશે. જેનો ડ્રેસ કોડ પરંપરાગત છે. ૧૩મી જુલાઈ એ શુભ આશીર્વાદનો દિવસ હશે અને ડ્રેસ કોડ ઈન્ડિયન ફોર્મલ છે.

૧૪મી જુલાઈના રોજ મંગલ ઉત્સવ અથવા લગ્નનું રિસેપ્શન હશે અને ડ્રેસ કોડ ભારતીય ચિક છે. આ તમામ ફંક્શન BKCમાં Jio વર્લ્ડ સેન્ટરમાં આયોજિત કરવામાં આવશે. અનંત અને રાધિકાએ આ વર્ષે થોડાં સમય પહેલા વંતારા ખાતે ત્રણ દિવસીય પ્રી-વેડિંગ ફંક્શનનું આયોજન કર્યુ હતું. આ ફંક્શનમાં બોલિવૂડના ઘણા સેલેબ્સ પણ હાજર રહ્યા હતા. સલમાન ખાન, શાહરૂખ ખાન અને આમિર ખાને પણ સાથે પરફોર્મ કર્યુ હતું. આટલું જ નહીં રિહાનાએ ખાસ પરફોર્મન્સ પણ આપ્યું હતું. પંજાબી ગાયક દિલજીત દોસાંઝે પણ એક દિવસ પરફોર્મ કર્યુ હતું.

## ફોટોશૂટ

### આમના શરીફનો જોવા મળ્યો ગોર્જિયસ લૂક



ટીવી એક્ટ્રેસ આમના શરીફે તેની નવી તસવીરો ઈન્સ્ટા. પર શેર કરી છે.અભિનેત્રીના આ નવા ફોટોશૂટને તેના ચાહકો પસંદ કરી રહ્યા છે. ખૂબ જ શાનદાર પોઝ આપ્યા છે.

આમના શરીફની તસવીરોની વાત કરીએ તો તે સિમ્પલ લૂકમાં જોવા મળી રહી છે. આમના શરીફની સુંદરતા દેખાઈ રહી છે.

### હજુ આ ફિલ્મનું કોઈ નામ નક્કી થયું નથી

# સલમાન ખાન અને રજનીકાંતને પહેલી વાર સાથે લાવશે એટલી



કે'સિકંદર'નું શૂટિંગ પૂરું કર્યા પછી ૨૦૨૪ના અંતમાં સલમાન નવા પ્રોજેક્ટની શરૂઆત કરશે

મુંબઈ, તા.૨૬

એટલી એક એવી ફિલ્મ બનાવવા જઈ રહ્યો છે, જેની કોઈએ કલ્પના પણ કરી ન હોય. કેટલાંક વિશ્વસનીય સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર એટલી ભારતીય સિનેમાની સૌથી મોટી ફિલ્મ બનાવવા જઈ રહ્યો છે, જેમાં તે ભારતીય સિનેમાના બે સૌથી મોટા સુપર સ્ટાર સલમાન ખાન અને રજનીકાંતને એક સાથે લાવશે. આ જ સૂત્રના જણાવ્યા અનુસાર એટલી સલમાન ખાન અને રજનીકાંત સાથે આવતા મહિને મિટીંગ કરશે. સૂત્રના જણાવ્યા અનુસાર, "સન પિક્ચર્સ આ ફિલ્મ પ્રોડ્યુસ કરશે અને તેમને સુપરસ્ટાર રજનીકાંત સાથે પરિવાર જેવા સંબંધો છે. જ્યારે એટલી સલમાન ખાન સાથે છેલ્લા બે વર્ષથી સંપર્કમાં છે. તેમને વિશ્વાસ છે કે રજનીકાંત અને સલમાન ખાન બંને એક સાથે કામ કરવા રાજી થઈ જશે." હજુ આ ફિલ્મનું કોઈ નામ નક્કી થયું નથી, પરંતુ ૨૦૨૪ના અંત સુધીમાં ફિલ્મનું શૂટિંગ શરૂ થવાની શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, "સલમાન ખાન 'સિકંદર' પૂરી કરીને પછી એટલીની ફિલ્મનું કામ શરૂ કરશે. જ્યારે સુપરસ્ટાર રજનીકાંત 'કૂલી'ના ફિલ્મમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં એવું કોમ્બિનેશન બનશે જે વર્ષો સુધી લોકોને યાદ રહેશે."

એટલીએ છેલ્લે શાહરુખ ખાન સાથે 'જવાન' ફિલ્મ કરી હતી. સલમાન ખાન સાથે એટલીએ બિગ બજેટ ફિલ્મ પ્લાન કરી હોવાનું પાછલા કેટલાક સમયથી સંભળાઈ રહ્યું છે. રિપોર્ટ્સ મુજબ, એટલીએ એક્શન-થ્રિલરથી ભરપૂર ફિલ્મ માટે અગાઉ પુષ્પા સ્ટાર અલ્લુ અર્જુનનો સંપર્ક કર્યો હતો. શરૂઆતમાં અલ્લુએ એટલીની ફિલ્મમાં રસ બતાવ્યો હતો, એટલીએ સલમાન અને રજનીકાંતને સાથે રાખીને બિગ બજેટ ફિલ્મ પ્લાન કરી છે. આ ફિલ્મને સન પિક્ચર્સ પ્રોડ્યુસ કરી રહ્યું હોવાથી બજેટની મર્યાદા નડવાની નથી. પ્રભાસ-અમિતાભ બચ્ચનની 'કલ્કિ' કરતાં પણ વધારે ભવ્ય ફિલ્મ બનાવવાનો પ્લાન છે.

## ફોટોશૂટ

### નિકિતા દત્તાએ પિંક લૂકમાં શેર કરી શાનદાર તસવીરો



બોલિવૂડ એક્ટ્રેસ નિકિતા દત્તા પોતાની એક્ટિંગ કરતા પોતાના ફેશન સ્ટેટમેન્ટના કારણે વધુ ચર્ચામાં રહે છે. જ્યારે પણ અભિનેત્રી ઈન્સ્ટાગ્રામ પર તેની તસવીરો પોસ્ટ કરે છે, ત્યારે ચાહકો તેના દરેક લુકને ખૂબ જ પસંદ કરે છે.તાજેતરમાં અભિનેત્રીએ તેના લેટેસ્ટ ફોટોશૂટની કેટલીક ગ્લેમરસ તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં તેની કિલર સ્ટાઈલ જોઈને ફેન્સના ફરી એકવાર તેના દિવાના બની ગયા છે.નિકિતા દત્તાએ પિંક ડ્રેસમાં ખૂબ જ શાનદાર તસવીરો શેર કરી છે. અભિનેત્રી અલગ અલગ અંદાજમાં શાનદાર પોઝ આપતી જોવા મળી રહી છે.



### આ વર્ષે નહીં આવે સિઝન ૯

## કરણ જોહરે 'કોફી વિથ કરણ'માંથી લીધો બ્રેક

મુંબઈ, તા.૨૬

કરણે કહ્યું છે કે તેણે પોતે 'કોફી વિથ કરણ'ની છેલ્લી સીઝનનો આનંદ માણ્યો નહોતો. તેમને લાગે છે કે હવે સેલિબ્રિટીઓ પહેલાની જેમ નિખાલસતાથી અને હિંમતથી વાત કરી શકતા નથી. એટલા માટે તે પણ પોતાનો શો જોઈને ઊંઘવા લાગ્યો. પરંતુ હવે કરણ આ શોમાંથી બ્રેક લેવા જઈ રહ્યો છે. કરણે કહ્યું છે કે તેણે પોતે 'કોફી વિથ કરણ'ની છેલ્લી સીઝનનો આનંદ માણ્યો નહોતો. તેમને લાગે છે કે હવે સેલિબ્રિટીઓ પહેલાની જેમ નિખાલસતાથી અને હિંમતથી વાત કરી શકતા નથી.

એટલા માટે તે પણ પોતાનો શો જોઈને ઊંઘવા લાગ્યો. કરણે કન્ફર્મ કર્યુ છે કે તે આ વર્ષે તેના શોની નવી સીઝન સાથે પરત ફરી રહ્યો નથી. તેણે કહ્યું કે તે પોતાના શોને નવી રીતે રજૂ કરવા માટે એક વર્ષનો બ્રેક લઈ રહ્યો છે. અને 'કોફી વિથ કરણ ૯' ૨૦૨૫ના બીજા ભાગમાં આવશે.

# 'મટકા કિંગ' વિજય વર્માને સાથ આપશે કૃતિકા કામરા




મુંબઈ, તા.૨૬

વેબ સિરીઝની દુનિયામાં સ્ટાર જેવું સ્ટેટસ મેળવનારા વિજય વર્માનો આગામી પ્રોજેક્ટ ઘણાં દિવસથી ચર્ચામાં છે. દેશમાં જુગાર-સટ્ટાના નેટવર્કની શરૂઆત કરનારા 'મટકા કિંગ'ના જીવન આધારિત સિરીઝમાં વિજયનો લીડ રોલ છે. તેમની સાથે ફીમેલ લીડ રોલમાં કૃતિકા કામરા ફાઈનલ થઈ છે. વિજય અને ટીમ સાથે કૃતિકાએ આ સિરીઝનું શૂટિંગ શરૂ કરી દીધું છે. કૃતિકાના કેટલાક સીન અગાઉ શૂટ થઈ ચૂક્યા છે અને તે જુલાઈથી સપ્ટેમ્બર સુધીમાં આખી સિરીઝનું શૂટિંગ આટોપી લેશે. કૃતિકાએ પોતાના રોલ અંગે જણાવ્યું હતું કે, ૭૦ અને ૮૦ના દસકા દરમિયાન મુંબઈમાં મટકાના વિકાસમાં મારા કેરેક્ટરનો મોટો ભાગ છે. સટ્ટા અને જુગારને મટકા તરીકે વિકસાવનારા સૂત્રધારનો રોલ વિજયે કર્યો છે. વિજય સાથે મુલાકાત બાદ હું પણ તેની સાથે જોડાઉં છું અને સમગ્ર ધંધાને નવી ઊંચાઈએ પહોંચાડુ છું. સિરીઝની કહાની ૬૦ના દસકાથી શરૂ થાય છે. મટકા કિંગ બનતા પહેલા વિજયના જીવનને તેમાં દર્શાવવામાં આવશે. વિજયે તેમાં મટકા કિંગ રતન ખત્રીનો રોલ કર્યો છે. જુગારને રતન ખત્રીએ મટા બજારમાં ફેરવી દીધો હતો. કૃતિકા કામરા જુલાઈથી સપ્ટેમ્બર સુધી આ સિરીઝનું શૂટિંગ કરશે. કૃતિકાએ તાજેતરમાં આવેલી સિરીઝ બમ્બઈ મેરી જાનમાં હબીબાનો રોલ કર્યો હતો. કૃતિકાએ અગાઉ ટીવી સિરિયલ કુછ તો લોગ કહેંગે, રિપોર્ટ્સ, ચંદ્રકાન્તામાં મહત્ત્વના રોલ કર્યા હતા. વિજય અને કૃતિકા પહેલી વાર આ સિરીઝમાં સાથે કામ કરી રહ્યા છે.

# SPORTS કોર્નર

## ક્રિકેટ જગતમાં ક્રાંતિ લાવનાર ડીએલએસના શોધક ફ્રેંક ડકવર્થનું ૮૪ વર્ષની વયે નિધન



નવીદિલ્હી,તા.૨૬

અત્યારે જ્યારે ક્રિકેટ રસિકો ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ના ઉત્સાહમાં ડૂબેલા છે.ત્યારે આ વચ્ચે ક્રિકેટ જગતમાં એક ખરાબ સમાચારે પણ ચોંકાવી દીધા છે. ૧૯૩૯માં જન્મેલા ફ્રેંક ડકવર્થનું વર્ષ ૨૦૨૪માં ૮૪ વર્ષની વયે અવસાન થયું છે. ફ્રેંક ડકવર્થ ઈંગ્લેન્ડના રહેવાસી હતા ડીએલએસએ ફ્રેંક ડકવર્થનું ક્રિકેટમાં સૌથી મોટું યોગદાન છે, કારણ કે તે તેના શોધકોમાંના એક હતા. ફ્રેંક ડકવર્થે ટોની લેવિસ સાથે મળીને ડીએલએસની શોધ કરીને ક્રિકેટમાં ક્રાંતિ લાવવાનું કામ કર્યું હતું. ક્રિકેટમાં ડીએલએસની શોધ સાથે જ વરસાદથી અસરગ્રસ્ત મેચોમાં પરિણામ સુધી પહોંચવું સરળ બન્યું. આ નિયમનો ઉપયોગ સૌપ્રથમવાર ૧૯૯૭માં ઝિમ્બાબ્વે અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી મેચમાં કરવામાં આવ્યો હતો.અગાઉ તેનું નામ ડકવર્થ-લુઈસ પછી માત્ર ડીએલ હતું. વર્ષ ૨૦૧૪માં જ્યારે ઓસ્ટ્રેલિયન આંકડાશાસ્ત્રી સ્ટીવન સ્ટર્ને તેમાં કેટલાક ફેરફારો કર્યા ત્યારે તેને ડકવર્થ-લુઈસ-સ્ટર્ન એટલે કે ડીએલએસ નામ આપવામાં આવ્યું હતું. ક્રિકેટમાં ડીએલએસનો નવીનતમ ઉપયોગ આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની સુપર-૮માં રમાયેલી છેલ્લી મેચમાં થયો હતો. આ મેચ અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે રમાઈ હતી, ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ દરમિયાન અફઘાનિસ્તાન-બાંગ્લાદેશ મેચ પહેલા પણ ૩ મેચમાં ડીએલએસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ડકવર્થ અને લુઈસ બંનેને ૨૦૧૦માં એમબીઈ એટલે કે મેમ્બર ઓફ બ્રિટિશ એમ્પાયર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. લુઈસનું ૨૦૨૦માં જ અવસાન થયું હતું. લકવર્થ લુઈસ પદ્ધતિએ ક્રિકેટમાં વરસાદના જૂના નિયમને બદલી નાખ્યો છે. ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ૧૯૯૨ના વર્લ્ડ કપની સેમીફાઈનલમાં વરસાદના નિયમને લઈને ઘણો વિવાદ થયો હતો.

## T20 WC Semi Final: એક જ દિવસે રમાશે બન્ને સેમિફાઈનલ




ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ તેના અંત તરફ આગળ વધી રહ્યો છે. ટૂર્નામેન્ટમાં લીગ મેચો પૂર્ણ થઈ ગઈ છે. હવે સેમિફાઈનલ અને ફાઈનલ મેચ રમવાની બાકી છે. સેમિફાઈનલ મેચોને લઈને મોટી દ્વિધા સર્જાઈ રહી છે.

સ્થાનિક સમય અનુસાર, બંને સેમિફાઈનલ મેચો અલગ-અલગ દિવસે રમાશે, પરંતુ ભારતીય સમય અનુસાર ટૂર્નામેન્ટની બંને સેમિફાઈનલ એક જ દિવસે રમાશે. ટૂર્નામેન્ટની પ્રથમ સેમિફાઈનલ દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાન વચ્ચે રમાશે. ત્યારબાદ બીજી સેમિફાઈનલમાં ભારત અને ઈંગ્લેન્ડની ટીમો સામસામે ટકરાશે. દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાન વચ્ચે રમાનારી પ્રથમ સેમિફાઈનલ ત્રિનિદાદના બ્રાયન લારા સ્ટેડિયમમાં રમાશે. સ્થાનિક સમય અનુસાર, દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાન વચ્ચે સેમિફાઈનલ ૨૬ જૂન, બુધવારે રાત્રે ૮:૩૦ વાગ્યે રમાશે. પરંતુ, ભારતીય સમય અનુસાર, દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાન વચ્ચેની સેમિફાઈનલ મેચ ૨૭ જૂન, ગુરુવારે સવારે ૬ વાગ્યે શરૂ થશે.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી બીજી સેમિફાઈનલ ગયાનાના પ્રૉવિડન્સ સ્ટેડિયમમાં રમાશે. સ્થાનિક સમય અનુસાર, આ મેચ ગુરુવાર, ૨૭ જૂને સવારે ૧૦:૩૦ વાગ્યે થશે. જોકે, ભારતીય સમય અનુસાર, ભારતની સેમિફાઈનલ મેચ રાત્રે ૮ વાગ્યે શરૂ થશે.

## હોકી ઈન્ડિયાએ ૧૬ સભ્યની ટીમની આખરે જાહેરાત કરી




નવી દિલ્હી, તા.૨૬

હોકી ઈન્ડિયાએ આગામી મહિને થનાર પેરિસ ઓલિમ્પિક માટે બુધવારે ૧૬ સભ્યની ટીમની જાહેરાત કરી દીધી છે. હરમનપ્રીત સિંહને કેપ્ટન અને હાર્દિક સિંહને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યા છે. ભારતીય ટીમમાં ૫ ખેલાડી ઓલિમ્પિકમાં પદાર્પણ કરશે, આ સિવાય ટીમમાં છેલ્લા તબક્કામાં ભાગ લઈ ચૂકેલા અમુક સીનિયર ખેલાડી પણ સામેલ છે. ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦માં બ્રોન્ઝ મેડલ જીતનારી ભારતીય ટીમને ગત ચેમ્પિયન બેલ્જિયમ, ઓસ્ટ્રેલિયા, આર્જેંટીના, ન્યુઝીલેન્ડ અને આયર્લેન્ડની સાથે પૂલ બી માં રાખવામાં આવ્યાં છે. પૂલ પોઈન્ટ ટેબલમાં હાઈ ચારમાં રહેનારી ટીમો ક્વાર્ટર ફાઈનલમાં પહોંચશે. ભારતીય ખેલાડી અત્યારે બેંગ્લુરુના સાઈ (જીઐે) કેન્દ્રમાં રાષ્ટ્રીય શિબિરમાં ઓલિમ્પિકની તૈયારીમાં વ્યસ્ત છે. અનુભવી ગોલકીપર પીઆર શ્રીજેશ અને મિડફીલ્ડર મનપ્રીત સિંહ ચોથી વખત ઓલિમ્પિકમાં ભાગ લેશે, જ્યારે કેપ્ટન હરમનપ્રીતની આ ત્રીજી ઓલિમ્પિક હશે. ૫ ખેલાડી ભારત માટે ઓલિમ્પિકમાં પદાર્પણ કરશે જેમાં જરમનપ્રીત સિંહ, સંજય, રાજ કુમાર પાલ, અભિષેક અને સુખજીત સિંહ સામેલ છે. ટોક્યોમાં ૪૧ વર્ષ બાદ મેડલ જીતવાના ઐતિહાસિક પ્રદર્શન બાદ ભારતીય ડિફેન્ડર રુપિંદરપાલ સિંહ અને બીરેન્દ્ર લાકડા સંન્યાસ લઈ ચૂક્યા છે. જ્યારે સુરેંદર કુમાર ટીમથી બહાર છે. ટોક્યોમાં મુખ્ય ટીમનો ભાગ રહેલા નીલકાંત શર્માને વૈકલ્પિક ખેલાડીઓમાં રાખવામાં આવ્યા છે અને દિલપ્રીત સિંહને તક મળી નથી. ગોલકીપર કૃષ્ણ પાઠક સતત બીજા ઓલિમ્પિકમાં વૈકલ્પિક ખેલાડી હશે. ડિફેન્સમાં હરમનપ્રીત સિંહ, જરમનપ્રીત, અમિત રોહિદાસ, સુમિત અને સંજય, જ્યારે મિડફીલ્ડમાં રાજકુમાર પાલ, શમશેર સિંહ, મનપ્રીત સિંહ, હાર્દિક સિંહ અને વિવેક સાગર પ્રસાદ સામેલ છે. ફોરવર્ડમાં અભિષેક, સુખજીત, લલિત કુમાર ઉપાધ્યાય, મનદીપ સિંહ અને ગુરજંત સિંહ સામેલ છે. પાઠક અને નીલકાંત સિવાય ડિફેન્ડર જુગરાજ સિંહ ભારતના ત્રીજા વૈકલ્પિક ખેલાડી છે. મુખ્ય કોચ ક્રેગ ફુલ્ટને કહ્યું, અમારા ખેલાડીઓમાં પ્રતિભાની ઊંડાઈના કારણે પેરિસ ઓલિમ્પિકની ટીમ માટે પસંદગી પ્રક્રિયા ખૂબ પ્રતિસ્પર્ધી હતી. જોકે મને વિશ્વાસ છે કે પસંદ કરવામાં આવેલા દરેક ખેલાડી પેરિસમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરશે.તેમણે કહ્યું, પસંદ કરેલા દરેક ખેલાડીએ તૈયારી તબક્કા દરમિયાન અસાધારણ કૌશલ્ય, સમર્પણ અને સુગમતા દર્શાવી છે. ફુલ્ટને કહ્યું, અમારું ધ્યાન એક એવી ટીમ બનાવવા પર રહ્યું છે જે રમવાની અલગ સ્ટાઈલ અને પરિસ્થિતિઓથી સાંમજસ્ય બેસાડી શકે. મને વિશ્વાસ છે કે અમે તેને પ્રાપ્ત કરી લીધું છે. ભારતીય ટીમ પોતાનું અભિયાન ૨૭ જુલાઈએ ન્યુઝીલેન્ડ સામે શરૂ કરશે. જે બાદ ૨૯ જુલાઈએ ટીમનો સામનો આર્જેન્ટિના સાથે થશે. પછી ભારત ૩૦ જુલાઈએ આયર્લેન્ડથી એક ઓગસ્ટે બેલ્જિયમથી અને બે ઓગસ્ટે ઓસ્ટ્રેલિયા સાથે ટકરાશે. ભારતે અત્યાર સુધી ૮ ગોલ્ડ, એક સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ સહિત કુલ ૧૨ ઓલિમ્પિક મેડલ જીત્યા છે. પુલ એ માં નેધરલેન્ડ, જર્મની, બ્રિટન, સ્પેન, દક્ષિણ આફ્રિકા અને મેજબાન દેશ ફ્રાન્સ સામેલ છે. ટીમ આ પ્રકારે છે ગોલકીપર પી. આર. શ્રીજેશ. ડિફેન્ડર જરમનપ્રીત સિંહ, અમિત રોહિદાસ, હરમનપ્રીત સિંહ, સુમિત, સંજય. મિડફીલ્ડર- રાજકુમાર પાલ, શમશેર સિંહ, મનપ્રીત સિંહ, હાર્દિક સિંહ, વિવેક સાગર પ્રસાદ. ફોરવર્ડ- અભિષેક, સુખજીત સિંહ, લલિત કુમાર ઉપાધ્યાય, મંદીપ સિંહ, ગુરજંત સિંહ. વૈકલ્પિક ખેલાડી- નીલકાંત શર્મા, જુગરાજ સિંહ, કૃષ્ણ બહાદુર પાઠક.

## માતાએ સાયકલ ચલાવવા બાબતે ઠપકો આપતા ૯ વર્ષના બાળકે આપઘાત કર્યો

જામનગર,તા.૨૬

વર્તમાન સમયમાં આપઘાતની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. કેટલીક વાર નાની વાતમાં પણ લોકો આત્મહત્યા કરી દેતા હોય છે. આવી જ એક ઘટના જામનગરમાં બની છે. જામનગરમાં માત્ર ૯ વર્ષના બાળકે આત્મહત્યા કરતા માતા-પિતાના પગ નીચેથી જમીન ખસી ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જામનગરમાં રહેતા પરપ્રાંતિય પરિવારના માત્ર ૯ વર્ષના બાળકે આત્મહત્યા કરતા આસાપાસના વિસ્તારમાં ચકચારી મચી ગઈ છે. પ્રાપ્તથતી માહિતી અનુસાર માતાએ સાયકલ ચલાવવા બાબતે ઠપકો આપ તા બાળકે આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યુ છે. મૃતકે તેના ઘરે જ ફાંસો ખાઈ બાળકે આપઘાત કર્યો છે. ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જ્યારે બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો છે. ૯ વર્ષના બાળકે આત્મ હત્યા કરતા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

## કરાચીમાં ભારે ગરમીથી ૪૨૭ લોકોના મોત

કરાંચી,તા.૨૬

પાકિસ્તાનના ઘણા વિસ્તારો અતિશય ગરમી અને હીટ વેવને કારણે સળગી રહ્યાં છે. દરમિયાન, એક સંગઠને દાવો કર્યો છે કે ચાર દિવસમાં પાકિસ્તાનના કરાચીના વિસ્તારોમાં ભારે ગરમી અને હીટ વેવને કારણે ૪૨૭ લોકોના મોત થયા છે. એક એનજીઓ એધી ફાઉન્ડેશનનું કહેવું છે કે બુધવાર સિવાય છેલ્લા ચાર દિવસમાં ૪૨૭ લોકોના મોત થયા છે. આ સિવાય મંગળવારે સિંધ પ્રાંતની ત્રણ સરકારી હોસ્પિટલોમાંથી ૨૩ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. પાકિસ્તાનના બંદર શહેર કરાચીમાં ગયા સપ્તાહથી શનિવારથી ભારે ગરમી અને ગરમીના મોજાની અસર જોવા મળી રહી છે. શનિવારે અહીંનું તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી ગયું હતું અને બુધવાર સુધી આ જ સ્થિતિ સતત જોવા મળી હતી. ઈધી ફાઉન્ડેશનના વડા ફૈઝલ એધી કહે છે કે કરાચીમાં કુલ ચાર શબઘર છે. આ શબઘરોમાં મૃતકોના મૃતદેહ રાખવા માટે હવે જગ્યા બચી નથી. ફૈઝલ એધીએ કહ્યું, 'દુઃખની વાત એ છે કે જે વિસ્તારોમાં ભારે વીજ કાપ છે, ત્યાં મોટાભાગના લોકો ભારે ગરમીને કારણે મૃત્યુ પામ્યા છે. આમાંના મોટાભાગના મૃતદેહો નિરાધાર અને નશાખોરોના છે. એધીએ વધુમાં કહ્યું કે કરાચીના લોકોને વધુ વીજ કાપનો સામનો કરવો પડશે. બીજી બાજુ, કરાચીના વીજળી વિભાગનું કહેવું છે કે સરકારે ૧૦ અબજ રૂપિયાની લોન ચૂકવવાની છે, જેના કારણે વીજળી કાપ કરવામાં આવી રહ્યો છે.

## ગુજરાતમાં ૧૦ વર્ષમાં ડ્રગ્સના દૂષણે ૩૭૧નો ભોગ લીધો

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતના યુવાનોમાં છેલ્લા કેટલાક સમયથી ડ્રગ્સના દૂષણમાં ચિંતાજનક રીતે વધારો જોવા મળ્યો છે. છેલ્લા ચાર વર્ષમાં રાજ્યમાંથી રૂપિયા ૯૬૦૦ કરોડની કિંમતનું ૮૭ ટન ડ્રગ્સ ઝડપાયેલું છે. ડ્રગ્સના વધતા દૂષણને પગલે તેનાથી મૃત્યુ થવાના પ્રમાણમાં પણ વધારો થયો છે. છેલ્લા ૧૦ વર્ષમાં ડ્રગ્સ-દારૂના દુરુપયોગથી ૭૧૧ વ્યક્તિએ જીવન ટૂંકાવ્યું છે જ્યારે ડ્રગ્સના ઓવરડોઝથી ૩૭૧ વ્યક્તિના મૃત્યુ થયા છે. આવતીકાલે 'ઈન્ટરનેશનલ ડ્રગ્સ એબ્યુઝ એન્ડ ઈલીસીન્ટ ટ્રાફિકિંગ ડે' છે ત્યારે ડ્રગ્સનું વધી રહેલું દૂષણ ચિંતાનો વિષયછે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (એનસીઆરબી)ના અહેવાલ અનુસાર વર્ષ ૨૦૧૩થી ૨૦૨૨ દરમિયાન ડ્રગ્સના દુરુપયોગથી ગુજરાતમાં ૬૪૫ પુરુષ-૬૬ મહિલા એમ કુલ ૭૧૧ના મૃત્યુ થયા છે. જેમાં વર્ષ ૨૦૨૨માં ૯૧ પુરુષ અને ૩ મહિલાનો સમાવેશ થાય છે. ડ્રગ્સના દુરૂપયોગથી સૌથી વધુ મૃત્યુ વર્ષ ૨૦૨૨માં સૌથી વધુ મૃત્યુ થયા હોય તેમાં મહારાષ્ટ્ર ૩૦૭૩ સાથે મોખરે છે. સમગ્ર દેશમાં ૧૧૬૩૪ વ્યક્તિએ ડ્રગ્સની આદતને કારણે જીવન ટૂંકાવ્યું છે. જેમાં ૧૧૩૯૪ પુરુષ-૨૩૯ મહિલા અને એક ટ્રાન્સજેન્ડર નો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૨માં ગુજરાતમાંથી ડ્રગ્સને કારણે જીવન ટૂંકાવ્યું હોય તેમાં અમદાવાદ મોખરે છે. અમદાવાદમાંથી ૨૫, સુરતમાંથી ૫ જ્યારે વડોદરામાંથી ૧ વ્યક્તિએ ડ્રગ્સને કારણે આત્મહત્યા કરી હતી. મોટા શહેરમાંથી ડ્રગ્સને કારણે સૌથી વધુએ આત્મહત્યા કરી હોય તેમાં બેંગાલુરુ ૨૦૫ સાથે મોખરે છે. બીજી તરફ વર્ષ ૨૦૨૦માં ગુજરાતમાંથી ૭૭ અને અમદાવાદમાંથી ૧૭ વ્યક્તિએ આત્મહત્યા કરી હતી. આમ, ૩ વર્ષમાં અમદાવાદમાંથી ડ્રગ્સ-દારૂની લતને કારણે ૭૨ વ્યક્તિએ પોતાનું જીવન ટૂંકાવ્યું છે.ગુજરાતમાં ડ્રગ્સના સેવન બદલ ૩ વર્ષમાં ૫૨૮ની ધરપકડ થઇ છે. જેમાં વર્ષ ૨૦૨૦માં ૧૧૭, વર્ષ ૨૦૨૧માં ૨૦૦ અને વર્ષ ૨૦૨૨માં ૨૧૧ની ધરપકડ કરાઇ હતી. એનડીપીએસ એક્ટ હેઠળ વર્ષ ૨૦૨૦માં ૧, ૨૦૨૧માં ૨ અને ૨૦૨૨માં ૩એમ ૧૮થી ઓછી વયના બાળકોની જ્યારે ૨૦૨૦માં ૧૯, ૨૦૨૧માં ૨૮ અને ૨૦૨૨માં ૩૨ મહિલાની ધરપકડ થઇ હતી.

# બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકની સુરક્ષામાં ચૂક






લંડન,તા.૨૬

બ્રિટનમાં એક તરફ સામાન્ય ચૂંટણીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ વડાપ્રધાન ઋષિ સુનક ની બાબતે એક આઘાતજનક સમાચાર બહાર આવ્યા છે. ઉત્તર ઈંગ્લેન્ડમાં બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનકના રહેણાંક વિસ્તારમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવા બદલ મંગળવારે ચાર લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આ સમગ્ર મામલે માહિતી આપી છે. ઋષિ સુનકનું ઉત્તર યોર્ક શાયરના કિર્બી સિગસ્ટન ગામમાં એક ઘર છે જે તેમણે ૨૦૧૫માં ખરીદ્યું હતું.

નોર્થ યોર્કશાયર પોલીસે જણાવ્યું કે, તેમને મંગળવારે બપોરે આ અંગેની માહિતી મળી હતી. માહિતી મળતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને પોલીસે તમામ આરોપીઓની ધરપકડ કરી છે. હાલ પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.આ દરમિયાન 'યુથ ડિમાન્ડ' નામના એક ગ્રુપે એક વીડિયો શેર કર્યો જેમાં તેનો એક સભ્ય PM સુનકના રહેણાંક સંકુલ માં એક તળાવ પાસે જોવા મળી રહ્યો છે. આ ઘટના બ્રિટનની સામાન્ય ચૂંટણીના એક અઠવાડિયા પહેલા બની છે.

યુથ ડિમાન્ડ ગ્રૂપ વિશે મળતી માહિતી અનુસાર, આ સંગઠન ઈઝરાયેલને બ્રિટનના સમર્થનનો વિરોધ કરે છે. ગ્રૂપ સરકાર પાસે ૨૦૨૧માં આપવામાં આવેલા ઓઈલ અને ગેસ લાઈસન્સ રદ્દ કરવાની પણ માંગ કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી ઋષિ સુનકે આ વર્ષની શરૂઆતમાં પણ આ ગ્રુપની ટીકા કરી હતી. તે સમયે આ ગ્રુપ સાથે જોડાયેલા લોકોએ લેબર નેતા કીર સ્ટારમરના ઘરે બેનર લટકાવ્યું હતું. જેમાં લખેલું હતું 'હત્યા બંધ કરો.' તેને ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધ સાથે જોડવામાં આવી રહ્યું હતું.

## બ્રાઝિલમાં સેન્ટ જોન બાપ્ટિસ્ટ ફેસ્ટિવલની ઉલ્લાસપૂર્વક ઉજવણી



બ્રાઝિલ, તા.૨૬

બ્રાઝિલમાં ભારતની હોળી જેવો સેન્ટ જોન બાપ્ટિસ્ટ ફેસ્ટિવલ યોજાય છે. આ ફેસ્ટિવલ ૯૨ વર્ષથી યોજાય છે. ભારતમાં હોળી પ્રગટાવવામાં આવે છે તેમ બ્રાઝિલન ઈન્ગાઈ શહેરમાં યોજાતા આ ફેસ્ટિવલમાં લાકડાના ટુકડાનો ૧૩ માળનો એટલે કે ૩૮ મીટરનો લાકડાનો મિનારો બનાવવામાં આવે છે. તેના પછી તેને સળગાવવામાં આવે છે. આ ફેસ્ટિવલની ઉજવણી કરવા માટે દેશભરમાંથી લોકો આવે છે. આ ૧૩ માળના મિનારાને સળગાવવામાં આવતા તેની ઉઠતી જવાળા જાણે આકાશને આંબતી હોય તેમ લાગે છે. શહેરના સૌથી જૂના ચર્ચમાં ૧૯૩૧થી આ પરંપરાનો પ્રારંભ થયો છે. આ પ્રકારની બોનફાયર દર વર્ષે યોજવામાં આવે છે. તેના લીધે માંડ બે હજારની વસ્તી ધરાવતા ટાઉનમાં વીસ હજારથી વધારે પ્રવાસીઓ આવે છે. લોકોમાં આ તહેવારને લઈને અનોખું આકર્ષણ છે.

આ ઉપરાંત સ્થાનિકો પછી ત્યાં આ અગ્નિની વેદીને કૂદી જાય છે. આ પણ ત્યાંની એક પરંપરા છે. આપણે ત્યાં હોળીમાં કૂદતા નથી પ્રદક્ષિણા કરાય છે, પરંતુ બ્રાઝિલમાં લોકો અગ્નિને પછી કૂદી જાય છે. અહીં બોનફાયર માટે ઉપયોગમાં લેવામાં આવતા લાકડા ની વિશેષતા એ છે કે તે બધુ રિફોરેસ્ટેશન માંથી લેવાય છે.

## ૫૫ વર્ષમાં ત્રીજી વખત એક જ રાજ્યમાંથી વડા પ્રધાન અને નેતા વિપક્ષ

લખનૌ,તા.૨૬

લોકસભાના ઈતિહાસમાં ઉત્તર પ્રદેશ રાજ્યનું એક અલગ જ સ્થાન રહ્યું છે. કહેવામાં આવે છે તે, દિલ્હીનો રસ્તો, ઉત્તર પ્રદેશમાંથી પસાર થાય છે. કોંગ્રેસ દ્વારા ગઈકાલે રાત્રે જાહેરાત કરી હતી કે, રાહુલ ગાંધી નેતા પ્રતિપક્ષની જવાબદારી સંભાળશે. ત્યારે દેશના ઈતિહાસમાં ત્રીજી વખત હશે જ્યારે દેશના વડા પ્રધાન અને નેતા વિપક્ષનું સંસદીય ક્ષેત્ર એક જ રાજ્યમાંથી હશે. ઉત્તર પ્રદેશના વારાણસી થી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાંસદ છે જ્યારે લીડર ઓફ અપોઝિશન એટલે કે નેતા પ્રતિપક્ષ રાહુલ ગાંધી રાયબરેલીથી સાંસદ છે. અગાઉ, માત્ર બે વખત જ આવું થયું છે જ્યારે નેતા વિપક્ષ અને વડાપ્રધાન એક રાજ્યના સંસદીય ક્ષેત્રમાંથી હોય. વર્ષ ૧૯૫૨થી આજ સુધી બે જ વખત આવું થયું છે જ્યારે દેશના વડાપ્રધાન અને લોકસભામાં નેતા વિપક્ષ એક જ રાજ્યના હોય.




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડાંગ જિલ્લામાં સુબીર તાલુકાના અંતરીયાળ સરહદી વિસ્તારની બીલીઆંબા પ્રાથમિક શાળામાં બાલવાટિકા, આંગણવાડી, પ્રાથમિક ઉપરાંત માધ્યમિક કક્ષાએ કુલ ૧૨૭ બાળકોને નામાંકન સાથે શૈક્ષણિક કીટ અર્પણ કરીને 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪'નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો.

# ડાંગથી મુખ્યમંત્રી એ રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો

ડાંગ, તા.૨૬

શાળા પ્રવેશોત્સવ-દરમ્યાન બીલીઆંબાનાં ૧૨૭ બાળકોનું શાળા નામાંકન કરાવાયુ વર્ગખંડમાં બાળકીઓ સાથે બેસીને વડીલ વાત્સલ્ય સહજ સંવાદ કર્યો મુખ્યમંત્રીએ વિદ્યાર્થીઓના ટેલેન્ટ ને યોગ્ય તક અને નિખાર આપવા ની વ્યવસ્થાઓ પણ વિદ્યાર્થીઓની પડખે ઊભી રહીને સરકાર કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો

મુખ્યમંત્રી ૨૧માં રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ અંતર્ગત વનવાસી ક્ષેત્ર ડાંગ જિલ્લાના સરહદી ગામ બીલીઆંબાની પ્રાથમિક શાળામાં બાળકોના નામાંકન કરાવવાના અવસરે સંબોધન કરી રહ્યા હતા. તેમણે આ ગામની બાલવાટિકા, આંગણવાડી અને પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં કુલ મળીને ૧૨૭ જેટલા બાળકોનો શાળા પ્રવેશ કરાવ્યો હતો.મુખ્યમંત્રીએ તેમના સહજ, સરળ અને નિખાલસ વ્યક્તિત્વથી સૌના દિલમાં વડીલ તરીકેનું જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તેની અનુભૂતિ શાળાના બાળકોને પણ થઈ હતી.ધોરણ પાંચમા અભ્યાસ કરતી દ્રષ્ટિએ, મુખ્યમંત્રીને નજીકથી જોવાનું, તેનું સ્વપ્ન પૂર્ણ થયું છે તેમ જણાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ બાળકોનું અભિવાદન સ્નેહપૂર્વક ઝીલ્યુ હતું.મુખ્યમંત્રીએ કહ્યું કે, શિક્ષકો બાળકોના અભ્યાસ, શાળામાં હાજરીની નિયમિતતા અંગે સજાગ છે અને પૂરતું ધ્યાન આપે છે ત્યારે SMC અને વાલીઓ પણ બાળકના અભ્યાસનું ફોલોઅપ, શાળામાં ખૂટતી સુવિધાઓની આપૂર્તિ વગેરે માટે સતર્ક રહે તેવો અનુરોધ તેમણે કર્યો હતો.

આ ઉપરાંત વિદ્યાર્થી ઓના ઉચ્ચ અભ્યાસ માટે અને કારકિર્દી ઘડતર માટે અનેક કલ્યાણ યોજનાઓ પણ છે તેનો લાભ લઈને વનવાસી બાળકો ઉજ્જવળ ભવિષ્યનું ઘડતર કરે તેવી અપીલ તેમણે કરી હતી.સાથે લીમડાના વૃક્ષનું વાવેતર કરી સૌને પર્યાવરણ જતન સંવર્ધનનો મુક સંદેશ આપ્યો હતો.ડાંગ જિલ્લાની આ છેવાડા ના ગામની શાળાના વિદ્યાર્થીઓ ભૂતકાળમાં શાળા પ્રવેશોત્સવનો લાભ મેળવી આજે ડોક્ટર, પર્વતારોહક, રમતવીર જેવા સ્થાને પહોંચ્યા છે તેની તેમણે પ્રશંસા કરી હતી. ડાંગ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવના શુભારંભ અનેક મહાનુભાવો સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરનાથ યાત્રા ૨૯ જૂનથી : પ્રથમ બેચ ૨૮ જૂને પહેલગામ માટે રવાના થશે





શ્રીનગર,તા.૨૬

જમ્મુ-કાશ્મીરમાં ૨૯ જૂનથી અમરનાથ યાત્રા શરૂ થવા જઈ રહી છે. ૨૮ જૂને બાબાના ભક્તોની પ્રથમ ટુકડી જમ્મુથી બાલતાલ અને પહેલગામ માટે રવાના થશે. આવી સ્થિતિમાં અમરનાથ યાત્રાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આજે જમ્મુ-કાશ્મીર વચ્ચે અમરનાથ યાત્રાનું ટ્રાયલ રન કરવામાં આવી રહ્યું છે. CRPF કોર્ડન હેઠળ જમ્મુથી મુસાફરી આજે, ટ્રાયલ રન દરમિયાન, બસોને જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસથી ફ્લેગ ઓફ કરવામાં આવી હતી અને તેને પહેલગામ અને બાલતાલ મોકલવામાં આવી હતી. આ દરમિયાન સીઆરપીએફ, આઈટીબીપી જમ્મુ-કાશ્મીર પોલીસે સમગ્ર યાત્રી નિવાસને ઘેરી લીધો છે. અમરનાથ યાત્રાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ વખતે સીઆરપીએફ ની લગભગ ૧૫૦ કંપનીઓ સુરક્ષા માટે તૈનાત કરવામાં આવી છે.

જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસની વાત કરીએ તો આ વખતે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રથમ વખત ગેટથી યાત્રી નિવાસ સુધીના સમગ્ર યાત્રી આવાસમાં અત્યાધુનિક સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે, જેની મદદથી યાત્રી નિવાસ પર ૨૪ કલાક નજર રાખવામાં આવશે જેથી દરેક મુસાફરોની સલામતી જળવાઈ રહે. પર નજર રાખી શકાય. આ સાથે પોલીસ આ વખતે પ્રથમ વખત ઈન્ફ્રારેડ કેમેરાથી સજ્જ ડ્રોનનો ઉપયોગ કરવા જઈ રહી છે જે રાત્રે પણ કામ કરશે. સીઆરપીએફે યાત્રી ભવનની આસપાસ વિવિધ સ્થળોએ સર્વેલન્સ પોઈન્ટ પણ બનાવ્યા છે.

# પાકિસ્તાનમાં ફરી સ્થાપિત થશે મહારાજા રણજીત સિંહની પ્રતિમા




ઈસ્લામાબાદ, તા.૨૬

મહારાજા રણજિત સિંહની પુનઃ સ્થાપિત પ્રતિમા પાકિસ્તાનના પંજાબમાં ફરીથી સ્થાપિત કરવામાં આવશે. પંજાબ સરકારે કહ્યું કે બુધવારે કરતાર પુર સાહિબમાં શીખ સામ્રાજ્યના પ્રથમ શાસક મહારાજા રણજીત સિંહની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે, જેથી ભારતમાંથી આવતા શીખ સમુદાયના લોકો પણ તેને જોઈ શકે.કરતારપુર સાહિબને ગુરુદ્વારા દરબાર સાહિબ તરીકે પણ ઓળખવામાં આવે છે અને તે લાહોરથી લગભગ ૧૫૦ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં ભારતીય સરહદની નજીક સ્થિત છે. મહારાજા રણજીત સિંહની ૯ ફૂટની કાંસાની પ્રતિમા સૌપ્રથમ ૨૦૧૯માં લાહોરના કિલ્લામાં તેમની સમાધિ નજીક સ્થાપિત કરવામાં આવી હતી. જો કે, પાકિસ્તાનમાં કટ્ટર પંથી રાજકીય પક્ષ તહરીક-એ-લબૈક પાકિસ્તાનના કાર્યકરો દ્વારા બે વખત પ્રતિમાની તોડફોડ કરવામાં આવી હતી .પંજાબના પ્રથમ શીખ મંત્રી અને પાકિ-સ્તાન શીખ ગુરુદ્વારા પ્રબંધન સમિતિના અધ્યક્ષ સરદાર રમેશ સિંહ અરોર-ાએ એક સમાચાર એજન્સીને જણાવ્યું કે, અમે બુધવારે બપોરે કરતારપુર ના ગુરુદ્વારા દરબાર સાહિબ ખાતે મહારાજા રણજીત સિંહની પ્રતિમાનું અનાવરણ કરીશું. સ્થાનિક અને ભારતીય શીખોની હાજરી "ઈન્સ્ટોલ કરવા જઇ રહ્યા છીએ."શીખ મંત્રી અરોરાએ કહ્યું કે પુનઃસ્થાપિત પ્રતિમા કરતારપુર સાહિબમાં રાખવામાં આવી રહી છે, જેથી ત્યાં આવતા ભારતીય શીખો તેના દર્શન કરી શકે. તેમણે પુનઃસ્થાપિત પ્રતિમાની સુરક્ષા માટે વધુ સારી સુરક્ષાની ખાતરી પણ આપી છે. મંત્રીએ કહ્યું કે મહારાજા રણજીત સિંહ સંધીના પુનઃસંગ્રહનું કામ શરૂ થઈ ગયું છે, જે ટૂંક સમયમાં પૂર્ણ થશે.મહારાજા રણજિત સિંહ શીખ સામ્રાજ્યના સ્થાપક હતા, જેણે ૧૯મી સદીની શરૂઆતમાં લાહોરમાં મુખ્ય મથક સાથે ઉત્તર-પશ્ચિમ ભારતીય ઉપખંડ પર શાસન કર્યું હતું. તેમની પુણ્યતિથિ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં બુધવારે પ્રતિમાની સ્થાપના દરમિયાન ૪૫૫ ભારતીય શીખો હાજર રહેશે.

# આઈસીસીએ T20 બેટર્સની તાજેતરની રેન્કિંગ જાહેર કરી

## સૂર્યકુમાર યાદવ બીજા સ્થાન પર આવી ગયો છે અને તેણે ICC T20 રેન્કિંગમાં નંબર-૧નો તાજ ગુમાવી દીધો





નવી દિલ્હી, તા.૨૬

ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૪ની સેમિ ફાઈનલ મેચો ૨૬-૨૭ જૂનના રોજ રમાશે. જો કે, ભારતીય સમય અનુસાર બંને મેચ ૨૭ જૂનના રોજ જ રમાશે. આ પહેલા ICC T20 બેટર્સની તાજેતરની રેન્કિંગ જાહેર કરી છે, જેમાં ઓસ્ટ્રેલિયાનો વિસ્ફોટક બેટ્સમેન ટ્રેવિસ હેડ નંબર-૧ બેટર બની ગયો છે. ભારતનો ખેલાડી સૂર્યકુમાર યાદવનો ઝટકો લાગ્યો છે અને તે બીજા સ્થાન પર આવી ગયો છે અને તેણે ICC T20 રેક્ગિંમાં નંબર-૧નો તાજ ગુમાવી દીધો છે. સૂર્યકુમાર યાદવ લાંબા સમયથી નંબર-૧ T20 બેટરના સ્થાન પર હતો, જોકે હજુ પણ તેની અને ટ્રેવિસ હેડ વચ્ચે વધુ અંતર નથી. ટ્રેવિસ હેડે ભારત સામે સુપર-૮ મુકાબલામાં ૭૬ રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી, જેના કારણે તેને રેક્ગિંમાં ફાયદો થયો હતો અને તે ચાર સ્થાનની છલાંગ લગાવીને નંબર-૧ના સ્થાન પર પહોંચી ગયો છે. ટ્રેવિસ હેડના ૮૪૪ રેટિંગ પોઈન્ટ છે, જ્યારે સૂર્યકુમાર યાદવના ૮૪૨ રેટિંગ પોઈન્ટ છે.

ઈંગ્લેન્ડનો ફિલ સોલ્ટ એક નંબર સરકીને ત્રીજા નંબર પર આવી ગયો છે જ્યારે પાકિસ્તાનનો કેપ્ટન બાબર આઝમને પણ રેક્ગિંમાં એક સ્થાનનું નુકસાન વેઠવું પડ્યું છે અને તે ચોથા નંબર પર પહોંચી ગયો છે. પાકિસ્તાનના વિકેટકીપર બેટ્સમેન મોહમ્મદ રિઝવાનને પણ એક સ્થાન નું નુકસાન થયું છે અને તે પાંચમાં નંબર પર પહોંચી ગયો છે. ઈંગ્લેન્ડનો કેપ્ટન જોસ બટલર છઠ્ઠા સ્થાન પર યથાવત છે. જ્યારે ભારતનો ઓપનિંગ બેટ્સમેન યશસ્વી જયસ્વાલ નંબર-૭ પર યથાવત છે.

૮માં નંબર પર એડન માર્કરામ છે અને બ્રેંડન કિંગ ૯માં નંબર પર છે. ૧૦માં નંબર પર જોનસન ચાર્લ્સ છે. ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયા સામે ૯૨ રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી અને રેક્ગિંમાં તેને તેનો મોટો ફાયદો થયો છે.

રોહિત શર્મા ૧૩માં સ્થાન પરથી છલાંગ લગાવીને ૩૮માં નંબર પર ૫ હોંચી ગયો છે. વિરાટ કોહલીને ત્રણ સ્થાનનો ફાયદો મળ્યો છે અને તે ૪૭માં સ્થાન પર પહોંચી ગયો છે. આ ઉપરાંત ઋતુરાજ ગાયકવાડ છ સ્થાનના નુકસાન સાથે ૧૯મા સ્થાન પર આવી ગયો છે.

## ટાટા ગ્રુપ અયોધ્યામાં ૬૫૦ કરોડનું રોકાણ કરશે મંદિરોનું ભવ્ય સંગ્રહાલય બનાવશે



ટાટા ગ્રુપ ઉત્તર પ્રદેશના અયોધ્યા શહેરમાં મંદિરોનું મ્યુઝિયમ બનાવવા જઈ રહ્યું છે. ૬૫૦ કરોડના ખર્ચે આ મ્યુઝિયમ બનાવવામાં આવશે. તેના પ્રસ્તાવને ઉત્તર પ્રદેશ સરકારની કેબિનેટે મંજૂરી આપી હતી.

ઉત્તર પ્રદેશના પર્યટન મંત્રી જયવીર સિંહે કહ્યું કે ટાટા ગ્રૂપને મ્યુઝિયમ ઑફ ટેમ્પલ્સ માટે ૧ રૂપિયાની ટોકન રકમ પર જમીન ૯૦ વર્ષ માટે લીઝ પર આપવામાં આવશે. આ મ્યુઝિયમ અત્યાધુનિક હશે અને આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રમાણે બનાવવામાં આવશે. મ્યુઝિયમમાં ભારતના પ્રખ્યાત મંદિરો ના સ્થાપત્ય અને ઈતિહાસ વિશેની માહિતી પ્રદર્શિત કરવામાં આવશે.

ટાટા ગ્રુપ પોતાના વતી આ મ્યુઝિયમ બનાવવા જઈ રહ્યું છે. મંદિરોનું આ મ્યુઝિયમ બનાવવા માટે ટાટા ગ્રુપ ૬૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ રોકાણ સીએસઆર એટલે કે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી હેઠળ કરવામાં આવશે. રાજ્ય સરકારે કહ્યું કે ટાટા જૂથે કેન્દ્ર સરકાર દ્વારા અયોધ્યામાં આ મ્યુઝિયમ બનાવવાનો પ્રસ્તાવ મોકલ્યો હતો.

આ મ્યુઝિયમ અંગેનો પ્રસ્તાવ ગયા વર્ષે પ્રથમ વખત સામે આવ્યો હતો. જે બાદ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિતના વરિષ્ઠ અધિકારીઓને આ પ્રોજેક્ટ વિશે વિગતવાર જણાવવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ આ પ્રોજેક્ટ અંગે અગાઉથી જ જાણ કરવામાં આવી હતી. મંદિર મ્યુઝિયમનો આ પ્રસ્તાવ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખૂબ જ પસંદ આવ્યો હતો.

સૂચિત મ્યુઝિયમમાં લાઈટ એન્ડ સાઉન્ડ શોની પણ વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્ય સરકારે ટાટા ગ્રુપને અયોધ્યા શહેરમાં અન્ય વિકાસ કાર્યો માટે પણ મંજૂરી આપી હતી. ટાટા ગ્રૂપ દ્વારા શહેરમાં અન્ય વિકાસ કામો પર રૂ. ૧૦૦ કરોડનું વધારાનું રોકાણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ઉત્તર પ્રદેશનું અયોધ્યા શહેર ધાર્મિક પર્યટનના મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. આ વર્ષની શરૂઆતમાં રામ મંદિરના ઉદ્ઘાટન બાદ શહેરમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે.

## ગુજરાતના નવા મંત્રી મંડળમાં ફેરફાર થઈ શકે, મોઢવાડિયા-ચાવડાની એન્ટ્રી લગભગ નક્કી





ગાંધીનગર,તા.૨૬

લોકસભાની ચૂંટણીની સાથે ગુજરાત વિધાનસભાની પાંચ બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાઇ હતી. જેમાં કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા બે નેતાઓ અર્જુન મોઢવાડીયા અને સી. જે. ચાવડા વિજેતા બનતા તેમને હવે મંત્રી બનાવવા ગતિવિધિઓ તેજ બની ગઈ છે. ભાજપના વર્તુળોમાં સંભળાતી ચર્ચા મુજબ આ બંને નેતાઓને પક્ષ પલટા વખતે જ મંત્રીપદનું કમિટમેન્ટ કરેલું હોવાથી તે બંનેને મંત્રી બનાવવા પડે તેમ છે. તેમની સાથે ભાજપના પાંચેક ધારાસભ્યોને પણ મંત્રી પદની લોટરી લાગી શકે તેમ છે. આગામી મહિનાના પ્રથમ સપ્તાહમાં મંત્રી મંડળનું વિસ્તરણ થવાની શક્યતા છે. ભૂપેન્દ્ર પટેલની સરકાર ૨.૦ બની ત્યારે માત્ર ૧૬ મંત્રીઓ સાથે સરકાર બનાવવામાં આવી હતી. ભૂપેન્દ્ર પટેલ છેલ્લા અઢી વર્ષથી માત્ર ૧૬ મંત્રીઓ સાથે સરકાર ચલાવી રહ્યાં છે. જેના લીધે અનેક મંત્રીઓ પાસે એકથી વધુ મહત્વના ખાતાઓ છે. પરંતુ હવે કોંગ્રેસ છોડીને આવેલા અને તાજેતરમાં ભાજપમાંથી પેટા ચૂંટણી જીતી ગયેલા બે નેતાઓને મંત્રી બનાવવા મંત્રી મંડળનું વિસ્તરણ કરવું પડે તેમ છે. પોરબંદરથી જીતેલા અર્જુન મોઢવાડીયા સિનિયર નેતા હોવાથી તેમને કેબિનેટ મંત્રી બનાવવામાં આવે તેવી શક્યતા છે. જ્યારે વિજાપુરથી જીતેલા સી. જે. ચાવડાને રાજ્યકક્ષાના મંત્રી બનાવાય તેવી શક્યતા છે.

લોકસભાની ચૂંટણીનું પરિણામ આવ્યાને મહિનો પૂર્ણ થવા આવ્યો છે. આમ છતાં હજુ સુધી વિસ્તરણના વાદળો બંધાયા ન હોવાથી આ બંને નેતાઓ ઉતાવળા થયા છે. જેને લઈને ભાજપ અને સરકારે વિસ્તરણ માટેની ગતિવિધિ તેજ બનાવી છે. ભાજપના સૂત્રોનું માનીએ તો આગામી જુલાઇ માસના પ્રથમ સપ્તાહમાં મંત્રી મંડળનું વિસ્તરણ થઈ શકે છે. જો વિસ્તરણ થશે તો ભાજપના પાંચ જેટલા ધારાસભ્યોને પણ મંત્રી પદની લોટરી લાગી શકે એમ છે. કારણ કે ડિસેમ્બર-૨૦૨૨માં જ્યારે ગુજરાત સરકારની રચના થઈ ત્યારે જ કેટલાક ધારાસભ્યો એવા હતા જેઓ મંત્રી પદને લાયક પણ હતા અને દાવેદાર પણ હતા. આમ છતાં તેમને મંત્રી પદથી વંચિત રહેવું પડ્યું છે. તેમની નારાજગી પણ અંદરખાને ધૂંધવી રહી છે. આથી તેવા ધારાસભ્યોનો રોષ શાંત કરવા માટે પણ તેમને મંત્રી પદ આપવું જરૂરી બન્યું છે.

વધુમાં ૨૦૧૭ પછી સરકારના બોર્ડ નિગમોમાં પણ નિમણૂંક કરવામાં આવી નથી. છેલ્લા સાત વર્ષથી ભાજપના કાર્યકરો અને નેતાઓ બો-ર્ડ-નિગમની નિમણૂંકની રાહમાં છે. આ તમામ સમીકરણોને ધ્યાનમાં લઈને ભાજપે હવે મંત્રી મંડળ વિસ્તરણનું મન બનાવ્યું છે. આ ઉપરાંત હાલના મંત્રી મંડળમાં જે મંત્રીઓનું પરફોર્મન્સ નબળું છે તેમને બદલવા માટે પણ વિચારણા થઈ રહી છે. પરિણામે આગામી સમયમાં થનાર વિસ્તરણમાં કેટલાય નવા ચહેરાને સ્થાન મળે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

# ભુજની નવચેતન જૈન સેવા સંસ્થા ૧૪મો સ્થાપના દિવસ ઉજવશે

### ત્રિદિવસીય ઉજવણી અંતર્ગત માનવ સેવા અને જીવદયા કાર્યો કરાશે



ભુજ તા.૨૬

વાગડ સમુદાયના ગચ્છાધિપતિ, જૈનાચાર્ય ભગવંત શ્રીમદ વિજય કલ્પતરૂ સૂરીશ્વરજી મ.સા. ના આશીર્વાદ અને પ્રેરણાથી છેલ્લા ૧૪ વર્ષથી સ્વ.ચેતન મહેતાની સ્મૃતિમાં જીવદયા, માનવસેવા, શિક્ષણ અને તબીબી સેવા જેવા અનેકવિધ ક્ષેત્રે કાર્યરત નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર, ભુજ ના ઉપક્રમે તા.૩૦/૬ થી ૦૨/૦૭, સુધી ત્રણ દિવસ સેવાકીય કાર્યો સાથે સંસ્થા ૧૪મા સ્થાપના દિવસની ઉજવણી કરશે. પ્રથમ ચરણમાં ૧૦૦૦ જેટલા ગૌવંશને લીલા ઘાસચારાનું નીરણ, શ્વાનોને દૂધ, રોટલા, લાડુ અને પક્ષીઓને ચણ જેવા જીવદયા કાર્યો કરાશે. જ્યારે માનવ સેવાના દોરમાં સાત જેટલી સંસ્થાઓના દિવ્યાંગો, મનોરોગી ,પ્રજ્ઞાચક્ષુઓ વગેરેને ભોજન અપાશે, ૧૦૦ જેટલા આશ્રમવાસી વડીલોનો ખાલીપો દૂર કરવા વિવિધ કાર્યક્રમો યોજાશે, અને આ બુઝર્ગ વડીલોનું વિશેષ અભિવાદન કરી નવા વસ્ત્રોની ભેટ અર્પણ કરાશે. શ્રમજીવી પરિવારોમાં મિષ્ટાન અને ફરસાણનું વિતરણ તેમજ ભૂલકાંઓને વસ્ત્રો અપાશે. ભુજની જનરલ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓને ફ્રુટ અને બાળ દર્દીઓને નવા વસ્ત્રો અપાશે, અને જરૂરતમંદ સાધર્મિકોની ભક્તિ કરાશે.

સેવાનો વ્યાપ વધારવાના સંકલ્પ સાથે આ ઉજવણી થશે તેવું સંસ્થાના પ્રોજેક્ટ ચેરમેન હિરેન દોશી અને પ્રમુખ વી.જી. મહેતા ની યાદી માં જણાવાયું હતું.

# મોટા અંગિયા શાળામાં પુત્રીના જન્મ પ્રસંગે શાળામાં વોટરકુલર ભેટ આપ્યું



આણંદપર(યક્ષ)તા.૨૫

ઘરે પુત્ર કે પુત્રીનો જન્મ થાય તે દરેક પરિવાર માટે વિશેષ અને આનંદનો દિવસ હોય છે. દીકરીનો જન્મ પરિવાર માટે કાયમનું સંભારણું બની રહે તે માટે ભુજના ડો.ઉમંગ સંઘવી પરિવાર દ્વારા સમાજ માટે પ્રેરણાદાયી બની રહે તેવી ઉજવણી કરવામાં આવી હતી.ભુજની જનરલ હોસ્પિટલમાં ઓર્થોપેડિક તરીકે સેવારત ડો.ઉમંગ સંઘવીના ઘરે પુત્રી જિનાયાના જન્મ નિમિત્તે ઉમંગભાઈ અને તેમના પત્નિ જીનીષાબેને પરિવારની સમક્ષ પોતાનો વિચાર મુક્યો કે, પુત્રી જિનાયાના આગમનની ઉજવણી થોડી વિશેષ રીતે કરીયે, આવી કાળઝાળ ગરમીમાં લોકોની સાથે શાળાના બાળકો પણ પરેશાન થઈ રહ્યા છે તો જયાં આવશ્યક હોય ત્યાં ઠંડા પાણીના કુલર ભેટ આપી બાળકોને રાજી કરીયે, આ વિચાર પરિવારે વધાવી લીધો હતો. ડો.ઉમંગ સંઘવીના માતા અરુણાબેન મોટા અંગિયાના દીકરી છે, જીનાયાના દાદા કમલેશભાઈ સેવાભાવી વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલ છે. આ પ્રસંગે ગામના સરપંચ ઈકબાલ ઘાંચીએ સમાજમાં દીકરીઓનું માન સન્માન વધે અને દીકરીના જન્મની ખુશીમાં કરાયેલ ઉમદા કાર્ય બદલ તેમણે દાતા પરિવારનો આભાર માન્યો હતો. શાળાના આચાર્ય હરદેવસિંહ જાડેજા અને શાળા પરિવારના શિક્ષકોએ પણ દાતાઓની લાગણી બિરદાવી આભાર માન્યો હતો.

# ભુજમાં વરસાદના પગલે તાલપત્રીઓનું વિતરણ



ભુજ, તા.૨૫

ભુજમાં વરસાદના પગલે ખાસ કરીને ભુંગા અને ઝૂંપડામાં રહેતા લોકોને દાતાઓના સહયોગથી તાલપત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું ભુજની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા નાની મોટી તાલપત્રીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું તાલપત્રીની સાથે બાળકોને અલ્પાહાર પણ કરાવવામાં આવ્યો હતો દરમિયાન હજુ પણ દાતાઓ આગળ આવશે તેમ તેમ તાલપત્રી અને છત્રીઓનું વિતરણ કરવામાં આવશે.ઉપરાંત ટોર્ચ, મીણબતી અને ડુંગળી, બટાકા, પણ આપવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે સંસ્થા દ્વારા આ માટે દાતાઓને આગળ આવવા અપીલ કરાઈ હતી દાતાઓ સાથે આ કાર્યમા સત્યમ સંસ્થાના હોદ્દેદારો જોડાયા હતા

# ટ્રેનોમાં જોડવામાં આવશે વધારાના કોચ

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં અમદાવાદ મંડળથી ઉપડતી ચાર જોડી ટ્રેનોમાં વધારાના કોચ જોડવામાં આવશે ટ્રેન નંબર ૨૨૯૨૦/૨૨૯૧૯ અદાવાદ-એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ -અમદાવાદ હમસફર એક્સપ્રેસમાં ૦૧ જુલાઈ ૨૦૨૪ થી અમદાવાદથી તથા ૦૩ જુલાઈ ૨૦૨૪ થી એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલથી બે કોચ થર્ડ એસીના વધારાના જોડવામાં આવશે. ટ્રેન નંબર ૧૯૪૧૧/૧૯૪૧૨ સાબરમતી-દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં ૦૭ જુલાઈ ૨૦૨૪ થી સાબરમતીથી તથા ૮ જુલાઈ ૨૦૨૪ થી દૌલતપુર ચોકથી એક થર્ડ એસી, ૩ સ્લીપર તથા એક જનરલ શ્રેણીના કોચ વધારાના જોડવામાં આવશે.ટ્રેન નંબર ૦૯૪૨૫/૦૯૪૨૬ સાબરમતી-હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ ટ્રેનમાં ૦૧ જુલાઈ ૨૦૨૪ થી ૨૯ જુલાઈ ૨૦૨૪ સુધી સાબરમતીથી તથા ૨ જુલાઈ ૨૦૨૪ થી ૩૦ જુલાઈ ૨૦૨૪ સુધી હરિદ્વારથી બે થર્ડ એસી કોચ વધારાના જોડવામાં આવશે. ટ્રેન નંબર ૦૯૪૦૫/૦૯૪૦૬ સાબરમતી-પટના-સાબરમતી સ્પેશિયલ ટ્રેનમાં ૨ જુલાઈ ૨૦૨૪ થી ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી સાબરમતીથી તથા ૪ જુલાઈ ૨૦૨૪ થી ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી પટનાથી એક થર્ડ એસી અને બે સ્લીપર શ્રેણીના કોચ વધારાના જોડવામાં આવશે.

# ગૌતમ અદાણીના જન્મદિવસે દેશવ્યાપી મેગા રક્તદાન અભિયાન

### ૨૪,૫૦૦ યુનિટ રક્ત એકત્રિત : ૨૧ રાજ્યો,૧૫૨ શહેરોમાં કર્મચારીઓનો અભૂતપૂર્વ પ્રતિસાદ




અમદાવાદ તા.૨૬

અદાણી ફાઉન્ડેશ દ્વારા અદાણી ગ્રૂપના ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીના ૬૨મા જન્મદિવસ નિમિત્તે સમગ્ર ભારતમાં મેગા રક્તદાન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૪ જૂનના દેશના ૨૧ રાજ્યોના ૧૫૨ શહેરોમાં હાથ ધરવામાં આવેલ અભિયાનમાં અદાણી હેલ્થકેર ટીમના માર્ગદર્શન હેઠળ આયોજીત રક્તદાન અભિયાનને કર્મચારીઓ તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. જેમાં ૨૪,૫૦૦ યુનિટ (આશરે ૯,૮૦૦ લીટર) જીવનરક્ષક રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું, આ વરસે ગત વર્ષેના બ્લડ કલેક્શનનો રેકોર્ડ આંક (૨૦,૬૨૧ યુનિટ) વટાવ્યો છે. એકત્રિત રક્તનો જથ્થો ૭૩,૫૦૦ થી વધુ દર્દીઓને પીસીવી, પ્લેટલેટ કોન્સેન્ટ્રેટ્સ, પ્લાઝમા, એફએફપી, ક્રાયોપ્રિસિપિટેટ, આલ્બ્યુમિન જેવી ગંભીર બિમારીઓમાંથી બહાર લાવવામાં મદદરૂપ થશે.

અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડૉ.પ્રિતિ અદાણીએ રક્તદાતાઓનો આભાર વ્યક્ત કરતાં કહ્યું, "હું અદાણી પરિવારના દરેક સભ્યનો આ ઉમદા કાર્યમાં યોગદાન બદલ આભાર માનું છું, દર-વર્ષે તેમનું સમર્પણ માત્ર તેમની કરુણા જ નહીં, પરંતુ જરૂરિયાતમંદોની સેવા કરવાની અમારી પ્રતિબદ્ધતાને પણ મજબૂત બનાવે છે. આ મેગા ડ્રાઈવ રેડક્રોસ બ્લડ બેંક અને સરકારી હોસ્પિટલની બ્લડ બેંકો સાથે ભાગીદારીમાં યોજવામાં આવી હતી. ૨,૦૦૦ થી વધુ ડોકટરો, પેરામેડિક્સ, ડેટા ઓપરેટરો તેમજ મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન વિભાગની ટીમોએ આ અભિયાનને સફળતા અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ૨૦૧૧ થી અદાણી ફાઉન્ડેશન ગૌતમ અદાણીના જન્મદિવસની ઉજવણીમાં દર વર્ષે રક્તદાન અભિયાનનું આયોજન કરે છે. આવા આયોજનો થકી ફાઉન્ડેશન મોટા પડકારોનો સામનો કરવા અને સમુદાયોના ટકાઉ અને સર્વગ્રાહી વિકાસ માટે પ્રતિબદ્ધ રહે છે.

**અદાણી ફાઉન્ડેશનઃ રાષ્ટ્ર વિકાસ માં યોગદાન**

અદાણી ફાઉન્ડેશન ગ્રામીણ અને શહેરી સમુદાયોના સમાવેશી અને ટકાઉ વિકાસ દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપે છે. ૧૯૯૬ થી ફાઉન્ડેશન શિક્ષણ, આરોગ્ય, ટકાઉ આજીવિકા, કૌશલ્ય વિકાસના અને સામુદાયિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના મુખ્ય ક્ષેત્રોમાં કાર્યરત છે. રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અને વૈશ્વિક સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) પર આધારિત તેની વ્યૂહરચનાઓ સાથે ફાઉન્ડેશન તેના નવીન અભિગમ અને ટકાઉપણા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે જાણીતું છે, હાલમાં તે ૧૯ રાજ્યોમાં ૬,૭૬૯ ગામડાઓમાં કાર્યરત છે, જે ૯.૧ મિલિયન લોકોને સ્પર્શે છે.

# વાગડના વાંઢ વિસ્તારોમાં દીકરીઓના ઉચ્ચ અભ્યાસ માટે જાગૃતિ અભિયાન




ભુજ તા.૨૬

ચાઈલ્ડ રાઈટસ એન્ડ યુ. અને ગ્રામ સ્વરાજ સંઘ, નીલપર દ્વારા

"પુરી પઢાઈ દેશ કી ભલાઈ" કેમ્પઈન હાથ ધરી વાગડના વાંઢ વિસ્તારની દીકરીઓને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ માટે પ્રોત્સાહન આપી ડ્રોપ આઉટનો રેશિયો ઘટાળવા રષ્ટ્રિય ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવશે.

તા.૨૪ થી રાપર શહેરના અર્બન એવા ત્રિકમનગર વિસ્તારથી પ્રારંભિત આ અભિયાન અંતર્ગત તાલુકા ગ્રુપ કન્યાશાળા આચાર્ય, સી.આર.સી., બી.આર.સી, તાલુકા શિક્ષણ વિભાગ અધિકારીઓ અને અમરાપર શાળા આચાર્ય, શિક્ષકો, કિશોરીઓ, મહિલાઓ, આંગણવાડી વર્કર બહેનો, ત્રિકમનગર માતૃમંડળની બહેનો સાથે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

આ કમ્પેઈન આગામી એક અઠવાડિયા સુધી અલગ અલગ સ્તરે, સમુદાય, કિશોરીઓ, વાલીઓ અને સ્થાનિક પંચાયત સ્તરે ચાલશે, જેમાં દિકરીઓ ઉચ્ચ માધ્યમિક તેમજ આગળના શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધારવા અને સમાજના વલણને બદલવા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે

# ભુજ લોહાણા મહાજન દ્વારા સરકારી યોજનાનો લાભ જ્ઞાતિજનોને અપાવવા સેવા કેમ્પ યોજાયો



**આધારકાર્ડ, પાનકાર્ડ, રાશનકાર્ડ, આયુષ્માન કાર્ડ, બનાવી આપવા કેમ્પનું આયોજન**

ભુજ તા.૨૬

ભુજ લોહાણા મહાજન દ્વારા વિવિધ સેવાકીય કાર્યોનું કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જ્ઞાતિજનોની સુવિધા માટે આધારકાર્ડ, પાનકાર્ડ, રાશનકાર્ડ, આયુષ્માન કાર્ડ, સરળતાથી બનાવવા માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. હરહંમેશની જેમ મહિનામાં એક રવિવારે નાનજી સુંદરજી સેજપાલ લોહાણા મહાજન વાડી, રસિક કતિરા કોન્ફરન્સ હોલમાં આયોજિત આ કેમ્પનો જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં લાભ મેળવ્યો હતો, મુખ્યત્વે સરકારી યોજનાઓનો લાભ જ્ઞાતિજનોને તાત્કાલીક મળી શકે તે હેતુ ઘણાં સમયથી આવા કેમ્પનું નિયમિત આયોજન લોહાણા મહાજન દ્વારા કરવામાં આવે છે.

આવા કેમ્પોથી જ્ઞાતીજનોનો સમય બચી જાય છે, સરકારી ઓફીસોમાં રૂબરૂ જવું પડતું નથી ઈશ્રમ કાર્ડની અંદર સરકાર દ્વારા લાભાથીઓને સરકાર દ્વારા અકસ્માતનો વિમો ઉતારવામાં આવે છે, અને તેની ફી પણ સરકાર દ્વારા ચુક્વવામાં આવે છે, આયુષમાન કાર્ડમાં મેડીકલ સારવારનો રૂપિયા ૧૦ લાખનો ખર્ચ સરકાર દ્વારા આપવામાં આવે છે, આ પ્રકારના કાર્ડ બનાવી આપવાથી બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો સરળતાથી સરકારી યોજનાનો લાભ મેળવી શકે છે. ભુજ લોહાણા મહાજનના પ્રમુખ ડો.મુકેશ ચંદેએ આ સંદર્ભ માહિતી આપતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ પ્રકારની સેવાઓ પુરી પાડવામાં આવે છે, જેમાં "આભા કાર્ડ" વિષે જાણીએ તો આ સેવા લોકોના આરોગ્ય સાથે સંકળાયેલ છે, આભા કાર્ડ ધરાવતાં લોકોનો હેલ્થ રેકોર્ડ તેમાં અંકિત કરવામાં આવે છે, દર્દી જયારે પોતાનાં લેબોરેટરી અને રેડીયોલોજી સબંધી રીપોર્ટ કરાવે ત્યારે તે આભાકાર્ડ નાં ૧૪ વાળા લેબોરેટરી કરવાથી તેની એન્ટ્રી કરવામાં આવે છે, જે ગમે ત્યારે અને ગમે ત્યાં જોઈ વાંચી શકાય છે, જેથી દર્દીનો આરોગ્ય વિષયક ઈતિહાસ કાયમી ધોરણે સંચવાયેલો રહે છે. દર્દી કદાચ કોઈ જુની ફાઈલ, ટાર્બટિકે લખાણ ભુલી જાય કે ગુમ થાય તો પણ પુર્વ ઈતિહાસ આ કાર્ડનાં માધ્યમથી જાણી શકાય છે.દર્દીની થયેલ ટ્રીટમેન્ટ, દવા વિગેરેની પણ તેમાં નોંધ થાય છે, આમ આભાકાર્ડનું અનોખું અને અતિ મહત્વ છે. મહાજનના ઉપપ્રમુખ ઘનશ્યામ ઠક્કરે વિવિધ પ્રકારની સેવાઓ માટે જે ઓળખ પત્રો આપવામાં આવે છે, તે પૈકી કેટલીક સેવાઓ સામાન્ય પ્રજાજન માટે ઘણી ઉપયોગી છે, જેમાં આધારકાર્ડ, પાનકાર્ડ, રાશનકાર્ડ, ઈ-શ્રમકાર્ડ, આયુષમાનકાર્ડ વગેરેની ઉપયોગીતાનું મહત્વ તેમણે સમજાવ્યું હતું.

આ આયોજનમાં ભુજ લોહાણા મહાજનના મંત્રી હિતેશ ઠક્કર, જનસેવા સમિતિના ચેરમેન જયંત ઠક્કર, ધીરજ ઠક્કર, મહેશ ઠક્કર, હર્ષદ ઠક્કર, વિરાગ શેઠ, ગિરધર ઠક્કર, જગદીશ ઠક્કર, રશ્મિકાંત ઠક્કર, દિલીપ ઠક્કર, ઉપસ્થિત રહ્યા હતા, જયારે પ્રાણલાલ ઠક્કર, ખ્યાતીબેન ઠક્કર, પ્રિયાબેન ઠક્કર, તથા મહાજનનો સમગ્ર સ્ટાફગણ સહયોગી રહયો હતો.

# માંડવી નગરપાલિકાએ બાબાવાડીના વિસ્તારોમાં ભરાતા વરસાદી પાણીની સમસ્યા ઉકેલી



માંડવી તા.૨૬

શહેરના બાબાવાડી વિસ્તારના માધવ નગર ૧-૨, મારૂતિનગર, ગીતામંદીર, શિશુમંદિર વગેરે વિસ્તારમાં લાંબા સમયથી ભારે વરસાદ સમયે પાણી ભરાવાની મોટી સમસ્યા છે, જેના નિકાલ માટે વિવિધ શેરીઓમાં કેનાલ મારફતે કુવામાં પાણીના સંગ્રહ બાદ બાકીના વરસાદી પાણીનો નિકાલ મોટર દ્વારા ખેંચીને કરવામાં આવશે જેનું સ્થળ નિરીક્ષણ કરીને નગર પાલિકાના પદાધિકારીઓ દ્વારા કોન્ટ્રાક્ટરને જરૂરી સુચનો કરવામાં આવ્યા હતા. માંડવી નગર પાલિકા પ્રમુખ હરેશ વિંઝોડા, કારોબારી ચેરમેન વિશાલ ઠક્કર, સતા પક્ષ નેતા લાંતિક શાહ, બાંધકામ ચેરમેન રાજેશ કાનાણી, પા. પુ. ચેરમેન પારસ માલમ, ટાઉન પ્લાનિંગ ચેરમેન વિજય ગઢવી, રોડલાઈટ ચેરમેન હનીફ જત, સેનિટેશન ચેરમેન પિયુશ ગોહીલ, સદસ્ય પારસ સંઘવી તેમજ એન્જીનીર હિતેષ મુછડીયા, દેવીયાન ગઢવી વગેરે હાજર રહ્યા હતા.

# રાપર તાલુકા શાળા પ્રવેશોત્સવમાં બાલવાટિકાથી માંડી ધો.૯ સુધી કુમારની સંખ્યા વધુ



રાપર તા.૨૬

આજ થી વિધાર્થીઓને ધો.૧, અને માધ્યમિકમાં ધો.૯ માં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે, તે અંતર્ગત રાપર તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શાળામાં છાત્રોને પ્રવેશ આપવાનો કાર્યક્રમ જિલ્લા કલેકટર અમિત અરોરા અધિક કલેકટર મિતેશ પંડયા, જિલ્લા વિકાસ અધિકારી એસ.કે પ્રજાપતિ, ભચાઉ પ્રાંત અધિકારી બાલમુકુંદ સુર્યવંશીના માર્ગદર્શન હેઠળ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી સંજય પરમાર, પ્રા.શિક્ષણાધિકારી બી.એમ. વાઘેલાના વડપણ હેઠળ યોજાયેલા શાળા પ્રવેશોત્સવ અધિક સચિવ બી.એચ.તલાટી,ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, મામલતદાર એ.એમ.પ્રજાપતિ, ટી.ડી.ઓ એ.આર.ત્રિવેદી, ઈન્ચાર્જ તાલુકા પ્રા.શિક્ષણાધિકારી આંબાભાઈ મકવાણા, બીઆરસી અશોક ચૌધરી, એસ.પી વાજા, આર.એફ.ઓ આર એમ પંપાણીયા, નાયબ કાર્યપાલક ઈજનેર એસ.પી.રામજીયાણી ભરત નાથાણી, ડો.પૌલ, જિલ્લા રમત ગમત અધિકારી મુકેશ ધોયા, પી.કે તલાટી, એસ.કે.વાજા, પરેશ રાવલ સહિતના અધિકારીઓએ તાલુકાની અલગ અલગ શાળામાં પ્રવેશ કરાવ્યો હતો, જેમાં બાલવાટિકામાં કુમાર ૧૫૦૫, કન્યા ૧૪૪૫, ધોરણ ૧ માં કુમાર ૧૪૦૧, કન્યા ૧૧૮૮, તથા ધોરણ ૯ માં કુમાર ૧૬૯૬, કન્યા ૧૪૩૪ ને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રવેશ પ્રસંગે તમામ છાત્રોને તિલક અને મીઠું મોઢું કરાવી પ્રવેશ આપવામાં આવ્યો હતો, દાતાઓ તરફથી સ્કૂલ બેગ તથા શાળાને લગતી વસ્તુઓ આપવામાં આવી હતી સમગ્ર આયોજન ઈન્ચાર્જ તાલુકા પ્રા.શિક્ષણાધિકારી આંબાભાઈ મકવાણા, બીઆરસી અશોક ચૌધરી તથા સીઆરસી કોડીનેટર દ્વારા કરવામાં આવ્યું હતું.

# લાગોસ ખાતે WTT મેન્સ ડબલ્સ ટાઇટલમાં ગુજરાતી જોડીનો દબદબો



ગાંધીધામ તા.૨૬

નાઈજીરિયાના લાગોસ ખાતે યોજાયેલી WTT કન્ટેન્ડર ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં હરમિત દેસાઈ અને માનવ ઠક્કરની ભારતીય જોડીએ સાતમા ક્રમની નાઈજીરિયન જોડી અઝીઝ સોલાકે અને ઓલાજિડે ઓમોટોયાને ૩-૦ થી હરાવીને મેન્સ ડબલ્સ ટાઈટલ જીતી લીધું હતું. બીજા ક્રમની આ સુરતી જોડીએ અગાઉ સેમિફાઈનલમાં ૧૫ ક્રમની ચીની જોડી યુડે કાંગ અને જિયાનકુન નિંગને ૩-૦ (૧૧-૪, ૧૧-૯,૧૧-૫) થી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ભારતના આ બે ગુજરાતી ખેલાડીઓએ સમગ્ર ટુર્નામેન્ટમાં એટલું વર્ચસ્વ જમાવી દીધું હતું કે તેઓ એક પણ ગેમ હાર્યા ન હતા. રાઉન્ડ ઓફ ૧૬ માં હરમિત અને માનવે નાઈજીરિયાના રિલવાન અકનાબી અને એ અબ્દુલ્લાહીની જોડીને ૩-૦ થી અને ક્વાર્ટર ફાઈનલમાં અન્ય એક નાઈજીરિયન જોડી મેથ્યુ ફાબુનમી અને અબ્દુલબાસીત અબ્દુલફતાતીને એ જ અંતરથી હરાવ્યા હતા. મેન્સ ડબલ્સ ટાઈટલમાં હરમિતે બીજી વાર WTT કન્ટેન્ડર ટાઈટલ જીત્યું હતું જ્યારે માનવ માટે આ પ્રથમ મેન્સ ડબલ્સ ટાઈટલ હતું. ઓલિમ્પિક્સ અગાઉ આ સફળતાથી અમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. મેન્સ ઈવેન્ટમાં ડબલ્સની મેચ મહત્વપૂર્ણ બની રહેવાની છે. ચોક્કસપણે અમે અમારું આ ફોર્મ જાળવી રાખવા માગીશું. તેમ ૩૦ વર્ષીય હરમિતે જણાવ્યું હતું. જે રીતે આ જોડીએ ત્વરિત રમત દાખવી તેનાથી માનવ ઠક્કર ખુશ જણાતો હતો,૨૪ વર્ષીય માનવે જણાવ્યું હતું કે "હું અને હરમિત એક વર્ષ બાદ ડબલ્સમાં રમી રહ્યા હતા પરંતુ અમે એક જ રાજ્યમાંથી રમી રહ્યા છીએ તેનાથી અમારી વચ્ચે સારી સમજૂતિ છે, તેમાંય ટુર્નામેન્ટમાં એક પણ ગેમ ગુમાવ્યા વિના ટાઈટલ જીતવું તે વધારાની સિદ્ધિ છે." ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના પ્રમુખ પ્રમોદ ચૌધરીએ હરમિત અને માનવની સિદ્ધિ અંગે આનંદ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે, "આ બે સુરતી ખેલાડીઓ દરરોજ અને દરેક મેચ બાદ વધુને વધુ બહેતર બનતા જાય છે. ભવિષ્યમાં તેઓ વધુ ઉંચાઈએ પહોંચશે."

# માંડવીના જૈન અગ્રણીના સેવાભાવી પુત્રના નિધનથી કચ્છની વિવિધ સંસ્થામાં ઘેરા શોક



માંડવી તા.૨૬

મૂળ ડગાળા (તા.ભુજ)ના પરંતુ હાલમાં માંડવીના સામાજિક જૈન અગ્રણી, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા દિનેશ મણીલાલ શાહના એકના એક ૨૯ વર્ષના યુવાન સેવાભાવી પુત્ર દિપ શાહનું અકાળે નિધન થતાં કચ્છના શિક્ષણ જગત અને કચ્છની વિવિધ સંસ્થાઓમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે.

માંડવી તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સમાજ તરફથી છેલ્લા ત્રણ વર્ષથી, નિવૃત્ત કર્મચારીઓ માટે હયાતીની ઓનલાઈન ખરાઈ કરવાના યોજાતા નિઃશુલ્ક કેમ્પમાં સ્વ.દિપ શાહ સેવા આપતા હતા, એટલું જ નહીં નાદુરસ્ત નિવૃત્ત કર્મચારીઓના ઘરે જઈને હયાતીની ઓનલાઈન ખરાઈ કરી આપતા હતા. સ્વ.દિપની સેવાની કદર રૂપે ગત અને આ વર્ષે ધારાસભ્ય અનિરૂધ્ધ દવેએ સ્વ.દિપ શાહનું સન્માન કર્યું હતું.

સ્વ.દિપને વ્યસન મુક્તિ અભિયાનના નરેશમુનિ મ.સા. વિવિધસંસ્થાઓ નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર, અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી, જન કલ્યાણ મેડીકલ સોસાયટી, સેવા મંડળ, માંડવી ચેમ્બર ઓફ કોમર્સ, જાયન્ટ્સ ગ્રુપ, માંડવી તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સમાજ, માંડવી સર્વાંગી વિકાસ કાઉન્સીલ, માનજ જયોત-ભુજ, ડગાળા જૈન સંઘ, મણીભદ્રવીર દાદા ગ્રુપ, જય જિનેન્દ્ર ભકિત મંડળ, કોઠારા જૈન મિત્ર મંડળ, સિંધોડી જૈન મહાજન, કચ્છ જિલ્લા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સમાજ, માંડવીના સાતેય જૈન ફિરકાના જૈન સંઘો, ગુજરાત રાજય એવોર્ડી ટીચર્સ ફેડરેશન, જાયન્ટ્સ ફેડરેશન ૩-બી (ગુજરાત) અને માંડવીની જૈન નૂતન પ્રાથમિક શાળા વગેરેએ શ્રદ્ધાંજલિ અર્પી હતી. જૈનાચાર્ય અનંતયશ સૂરીશ્વરજી મ.સા., માંડવીના ધારાસભ્ય અનિરૂધ્ધ દવે અને ગુજરાતના લઘુ ઉદ્યોગના પૂર્વ ચેરમેન જીતુભાઈ શાહ (રાજકોટ), એ રૂબરૂ આવીને શોક સંદેશ પાઠવ્યો હતો, દિવના જાયન્ટ્સ ગ્રુપે, જી.ટી.હાઈસ્કુલ કોઠારા અને જી.ટી. કન્વીનર ગ્રુપ મુંબઈએ પણ શ્રધ્ધાંજલિ અર્પી હતી.

# માંડવીના સેવાભાવી જૈન યુવાનનું અકાળે નિધન થતાં જૈન સમાજમાં શોક



માંડવી તા.૨૫

અહીંના જૈન સેવાભાવી યુવાન ઉમંગ કિર્તીભાઈ શાહનું ૪૭ વર્ષની વયે અકાળે નિધન થતાં માંડવીના જૈન સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. સ્વ. ઉમંગભાઈને શ્રધ્ધાંજલિ અર્પતા માંડવીના જૈન અગ્રણી દિનેશ શાહે અને જયેશ શાહે જણાવ્યું હતું કે, ઉમંગભાઈ મિલનસાર સ્વભાવના અને સેવાભાવી હતા, તેઓએ ફોટોગ્રાફી ક્ષેત્રે સારી નામના પ્રાપ્ત કરી હતી. તેઓ ખરતગચ્છ જૈન સંઘના હતા, પરંતુ માંડવીના ખરતગચ્છ જૈન સંઘ જ નહીં પરંતુ માંડવીના સમસ્ત જૈન સમાજના સાતે ફિરકામાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. સ્વ. ઉમંગભાઈ શાહ પોતાની પત્નિ સંજનાબેન અને ૨ વર્ષના પુત્ર ઈશાન અને પાંચ વર્ષની દીકરી હેન્સીને વિલાપ કરતા છોડી ગયા છે, માંડવીના સાતે ફિરકાના અગ્રણીઓએ સ્વ. ઉમંગભાઈને ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પી હતી.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

## આજે ઘરે થી કામ કરો દિવસ

# ૧૯મી સદીની ઔદ્યોગિક ક્રાંતિ એ કામ કરવાની રીત બદલી



ઘરે થી કામ કરો દિવસ ૨૭ જૂન ના ઉજવાય છે ઘરેથી કામ કરવાના ઈતિહાસને કદાચ કામ કરવાનો ઈતિહાસ કહેવા જોઈએ, કારણ કે મોટાભાગના માનવ ઈતિહાસ માટે કામ મુખ્યત્વે ઘરની અંદર અને તેની આસપાસ કરવામાં આવતું હતું. પ્રારંભિક શિકારીઓથી માંડીને મધ્યયુગીન યુરોપની ઘર-આધારિત દુકાનો સુધી, અપવાદ કરતાં ઘરેથી કામ કરવું વધુ સામાન્ય હતું. તે પુનરુજ્જીવન સુધી ન હતું જ્યારે મિશ્ર ઉપયોગ સ્ટોરફ્રન્ટ્સે સરકારી, શાળાઓ માટે વધુ કેન્દ્રિય વહીવટી ઈમારતોને માર્ગ આપ્યો હતો, કે કાર્ય માટે જવા માટે ઓફિસનો વિચાર પણ શબ્દકોષમાં દાખલ થયો હતો.

જો કે, તે ૧૯મી સદીની ઔદ્યોગિક ક્રાંતિ હતી જેણે ગહન રીતે કામ કરવાની રીત બદલી નાખી. કાપડ જેવા માલસામાનના ઉત્પાદન માટે અત્યાધુનિક અને ભારે મશીનરી ધરાવતી ફેક્ટરીઓના આગમનનો અર્થ એ થયો કે લોકો તેમના પોતાના ઘરની મર્યાદામાં તેમનું કામ કરી શકતા ન હતા. આનાથી કુશળ કામદારોના બનેલા ઘરના મોડલની બહારના કામનું સર્જન થયું જે આખરે આપણા પોતાના પરિચિત ઓફિસ-શૈલીના વર્ક મોડલમાં વિકસિત થશે.૨૦મી સદીના મોટાભાગના સમય દરમિયાન ઘરેથી કામને અમુક વ્યવસાયોમાં સોંપવામાં આવ્યું હતું, જેમાં સૌથી વધુ નોંધનીય છે સર્જનાત્મક કળા-ચિત્રકારો, સંગીતકારો, લેખકો વગેરે-અને ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકામાં લોકપ્રિય બનેલી મલ્ટિ-લેવલ માર્કેટિંગ નોકરીઓ.જો કે, બેકગ્રાઉન્ડમાં, ટેક્નોલોજી ધીમે ધીમે તે બિંદુ સુધી વિકસિત થઈ રહી હતી. જ્યાં ઘરેથી કામ કરવું એ ઑફિસમાં કામ કરવા જેટલું તકનીકી રીતે અત્યાધુનિક અને ઉત્પાદક હતું. આશરે ૧૯૮૦ ના દાયકાથી લઈને આજ સુધી, ટેક્નોલોજીએ વધુને વધુ રિમોટ વર્ક વિકલ્પો માટે દરવાજો થોડો-થોડો ખોલ્યો છે. પર્સનલ કોમ્પ્યુટર, ફેક્સ મશીન, મોબાઈલ ફોન, ઈન્ટરનેટ,વિડીયો ચેટ, સહયોગી દસ્તાવેજો, બધાએ દૂરસ્થ કાર્ય સંસ્કૃતિ અને ક્ષમતામાં પરિવર્તન માટે સહયોગ કર્યો છે.




આવનારા મહિનાઓમાં રિમોટ વર્ક પર કોવિડ-૧૯ રોગચાળાની અસરનું વિશ્લેષણ કરવામાં આવ્યું હોવાથી, રિમોટ વર્ક માટેના ઘણા સાંસ્કૃતિક અવરોધો નબળા પડી શકે છે અથવા દૂર થઈ શકે છે, ઘરેથી કામ કરવાના ચોક્કસપણે ઘણા ફાયદા છે. પ્રથમ, લોકો સ્વતંત્ર રીતે કામ કરી શકે છે કારણ કે તેમના કામ પર દેખરેખ રાખવા માટે કોઈ નથી. બીજું, જ્યારે લોકો ઘરેથી કામ કરે છે, ત્યારે તેઓએ નિશ્ચિત કામના કલાકોનું પાલન કરવું પડતું નથી. તેના બદલે તેઓ તેમના માટે અનુકૂળ કલાકો પસંદ કરી શકે છે. ત્રીજું, ઘરેથી કામ કરવાથી લોકોને સમય અને મુસાફરી ખર્ચ બચાવવામાં મદદ મળે છે.

કેટલાક મોટા શહેરોમાં સરેરાશ મુસાફરીમાં બે થી ત્રણ કલાકનો સમય લાગે છે. જે લોકો ઘરેથી કામ કરે છે તેઓ આ સમય બચાવી શકે છે અને પોતાના પ્રિયજનો સાથે વિતાવી શકે છે. ઘરેથી કામ કરવાનો એક ફાયદો તે આપે છે તે સ્વતંત્રતા છે. ઘરના કામદારો તેમના ઘરના જીવનની આસપાસ તેમનું કાર્ય ગોઠવી શકે છે કારણ કે તેઓ ઈચ્છે તેમ કામ રોકી શકે છે અથવા શરૂ કરી શકે છે, અને આમ, ઉદાહરણ તરીકે, તેમના બાળકો હોય, તો તેઓ સરળતાથી તેમને શાળાએથી લઈ જવાની વ્યવસ્થા કરી શકે છે. તેઓ દિવસ દરમિયાન અન્ય કોઈપણ કાર્યો પણ હાથ ધરી શકે છે, જેમ કે લોન્ડ્રી અથવા શોપિંગ, અને પછી કામ પૂર્ણ કરી શકે છે. એકંદરે પછી, કર્મચારીઓ તેમના જીવન પર વધુ નિયંત્રણ ધરાવે છે.ઘરેથી કામ કરવાની તે વ્યક્તિની ટીમની કુશળતા વિકસાવતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો, કેટલીકવાર વ્યવસાયિક સમસ્યા માત્ર ટીમ વર્ક દ્વારા જ ઉકેલી શકાય છે અને જ્યારે બધા કર્મચારીઓ ઘરેથી કામ કરે છે ત્યારે આ શક્ય નથી. તેથી, જે લોકો ઘરેથી કામ કરે છે તેઓની સંસ્થામાં વૃદ્ધિની મર્યાદિત તકો હોય છે.

બીજી સામાન્ય સમસ્યા છે. ભલે તેઓ ગમે તેટલી મહેનત કરે, જે લોકો ઘરેથી કામ કરે છે તેઓ સંપૂર્ણ એકાગ્રતા સાથે કામ કરી શકતા નથી કારણ કે હંમેશા પરિવારના સભ્યોની દખલગીરી રહેશે. જેઓ લગભગ આખો સમય ઘરે કામ કરે છે તેઓ સાથીદારો સાથે ભળતા નથી. જ્યારે લોકો કામ પર હોય છે, ત્યારે તેઓ હંમેશા અન્ય લોકોથી ઘેરાયેલા હોય છે, પરંતુ ઘરે, કર્મચારી મોટાભાગે એકલા હોય છે. આ ક્રિયાપ્રતિક્રિયાના અભાવને કારણે એકલતાની લાગણી તરફ દોરી શકે છે. કંપનીમાં કોઈનો પ્રભાવ ઓછો હોઈ શકે છે. ઘણીવાર એવું બને છે કે મહત્વના નિર્ણયો ક્ષણના ઉદભવ પર અણધાર્યા મુદ્દાઓ ઉદભવે છે. જો કોઈ કર્મચારી ત્યાં ન હોય, તો અન્ય લોકોએ પ્રવેશ કરવો પડી શકે છે. જો આ નિયમિત ધોરણે થાય છે, તો કંપનીમાં કર્મચારીઓનું યોગદાન ઘટી શકે છે, એટલે કે પ્રમોશન જેવી બાબતો માટે અવગણના થવાની ઉચ્ચ સંભાવના. નિષ્કર્ષમાં, જો કે ઘરેથી કામ કરવા સંબંધિત સકારાત્મક અને નકારાત્મક બાબતો છે, ત્યાં વધુ નકારાત્મક અસરો છે.

# કચ્છમાં પહેલા વરસાદે જ સામાન્ય નાગરીકો મુશ્કેલીમાં મુકાયા

**ગાંધીધામ-મુન્દ્રામા પડેલા વરસાદ બાદ શહેરના અનેક વિસ્તારોમા પાણી ભરાયા હતા તો ગાંધીધામમા ૪ ઇંચ વરસાદ બાદ શહેર આખુ મુશ્કેલીમાં મુકાયુ હતુ અનેક જગ્યાએ વાહનો ફસાયા હતા. તો નિચાણવાળા વિસ્તારમા પાણી ભરાયા હતા. જે પ્રિમોન્સુન કામગીરી સામે સવાલો ઉભા કરે છે**










ભુજ, તા.૨૫

બુધવારે રાત્રે કચ્છના અનેક તાલુકામાં વરસાદ પડ્યો હતો જેમાં તાલુકાઓમાં વરસાદ,રાપરઃ ૮ મીમી ,ભચાઉઃ ૨૧ મીમી,અંજારઃ ૩૭ મીમી ,ભુજઃ ૯ મીમી નખત્રાણાઃ ૧ મીમી,માંડવીઃ ૫૩ મીમી,મુન્દ્રાઃ ૮ મીમી,ગાંધીધામઃ ૯૭ મીમી જેમાં ગાંધીધામમાં સૌથી વધુ ૪ ઇંચ જેટલો વરસાદ, માંડવીમાં ૨ ઇંચ તો અંજારમાં સવા ઇંચ, ભચાઉમાં પોણો ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો જો કે તે સાથે ગાંધીધામના અનેક વિસ્તારમા પાણી ભરાયા હતા સાથે વાહનો ફસાયા હતા આદિપુરમાં રામબાગ રોડ પર પ્રભુ દર્શન હોલ પાસે વૃક્ષ ધરસાઈ થયું હતુ જેને કારણે માર્ગ અવરોધાયો હતો જો કે ધટનામાં જાનહાની ટળી હતી શહેરના સુંદરપુરી,ચાવલાચોક રામબાગ રોડ સહિતના વિસ્તારોમાં ભારે મુશ્કેલી સર્જાઇ હતી અનેક જગ્યાએ વાહનો ફસાયા હતા. તો ગટરનુ કામ પુર્ણ થયુ ન હોતા પણ લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. જો કે નગર પાલિકાની જનજીવન સામાન્ય કરવા માટે કવાયત શરૂ કરી હતી પરંતુ રાત્રે પડેલા વરસાદથી દિવસે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બુધવાર સાંજે પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના સુખપર રેહા ગામે જોરદાર વરસાદી ઝાપટું વરસી પડ્યું હતું. વરસાદના પગલે ગામની ગલીઓમાં જોશભેર પાણી વહી નીકળ્યા હતા.રવિવારથી કચ્છમા ધીમીધારે તથા ક્યાક ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.

# માંડવી શહેરને કોલેરાગ્રસ્ત જાહેર કરાયો

**કચ્છમા સંભવત દાયકાઓ બાદ કોલેરાનો કેસ સામે આવ્યો છે ગુજરાતમા ધણા વિસ્તારો કોલેરા ગ્રસ્ત જાહેર કરવાની ફરજ પડી હતી પરંતુ કચ્છમા દુષીત પાણીથી થતી આ સમસ્યાના કેસો સામે આવ્યા નથી જેથી આરોગ્ય વિભાગ પણ તમામ તકેદારીના પગલા લઈ રહી છે**

માંડવી તા.૨૫

કચ્છમાં દાયકાઓ બાદ કોલેરાનો એક કેસ સામે આવતા કચ્છનુ આરોગ્ય તંત્ર દોડતુ થયુ છે માંડવી વિસ્તારમા અચાનક સામે આવેલા ઝાડા-ઉલ્ટીના કેસો બાદ તંત્રએ કેટલાક સેમ્પલ પરિક્ષણ કર્યા હતા જેમાં એક કેસ કોલેરાનો સામે આવ્યો હતો જેથી તાત્કાલીક આરોગ્ય વિભાગે હોસ્પિટલ તથા સંભવીત વિસ્તારોમાં તપાસણી શરૂ કરી હતી સાથે જિલ્લા પંચાયતના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા તા.૨૬/૦૬/૨૦૨૪થી ૨૫/૦૭/૨૦૨૪ના માંડવી શહેરના સમગ્ર વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરવા જિલ્લા કલેકટરને ભલામણ કરવામાં આવી હતી.જે મુજબ એપીડમીક ડીઝીઝ એકટ-૧૮૯૭ની કલમ (૩) અન્વયે કોલેરા રેગ્યુલેશન અંતર્ગત કચ્છ જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા માંડવી શહેરના સમગ્ર વિસ્તારને કોલેરા ગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે.માંડવી શહેરના (સલાયા, મસ્કા ઓક્ટ્રાય વિસ્તાર)ને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરાયુ છે. મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ માંડવી શહેરના સમગ્ર વિસ્તાર માટે કોલેરા નિયંત્રણ માટે જરૂરી તમામ પગલાં લેવાની સતા આપવામાં આવી છે.આ સાથે આરોગ્ય વિભાગની ટીમે હાઉસ ટુ હાઉસ સર્વે સહિત રેન્ડમ સેમ્પલો લેવાનુ શરૂ કર્યુ છે. ઇન્ચાર્જ આરોગ્ય અધિકારીએ આ અંગે પરિસ્થિતી કાબુમા હોવાનુ જણાવી એક કેસ સામે આવ્યા બાદ આરોગ્ય વિભાગે આ પગલા લીધા હતા. આ બીમારી શહેરના અન્ય વિસ્તારોમાં ના ફેલાય તે માટે આરોગ્ય વિભાગ અને નગર પાલિકા દ્વારા કામગીરી શરૂ કરાઇ છે. જે અંતર્ગત સમગ્ર શહેરમાં આરોગ્ય વિભાગની ૨૫ ટીમ દ્વારા બીમાર લોકોનો સંપર્ક કરી તેમના બ્લડ સેમ્પલ લઈ તપાસ કરવામાં આવી રહી છે.પાંચ દિવસથી આરોગ્ય વિભાગ આ કામગીરી ચલાવી રહ્યું છે. બીમારી નિયંત્રણ માટે પાણીમાં ક્લોરીનની ગોળી ઓ નાખવી, ડોર ટુ ડોર સફાઈ રાખવા સૂચના આપાઈ રહી છે જો કે હાલ સ્થિતી કાબુમા હોવાનુ જીલ્લાના ઇન્ચાર્જ આરોગ્ય અધિકારીએ જણાવ્યુ હતુ.





### હેલ્પલાઈન નંબર જાહેર કરાયા

કોલેરાના કેસ સામે આવ્યા બાદ આરોગ્ય વિભાગે ખાસ કરીને માંડવી અને તેની ૧૦ કિ.મી વિસ્તારમા આવતા તમામ વિસ્તારો ને આવરી લઇ આરોગ્ય તપાસણી શરૂ કરી છે.સાથે તાલુકા આરોગ્ય ઓફિસ માંડવી તરફથી જાહેર જનતાને તેમના ઘર,પરિવાર કે વિસ્તાર,ગામમાં ઝાડા કે ઉલ્ટી ના કોઈ પણ કેસ જોવા મળે તો તાત્કાલિક કચેરીના હેલ્પલાઇન નંબર ૯૭૨૭૭૩૪૫૫૧,૯૮૭૯૩૫૪૩૪૨ પર જાણ કરવા જણાવ્યુ છે. જેથી આરોગ્યની યોગ્ય તપાસણી થઇ શકે સાથે લક્ષણો ધરાવતા લોકોને માંડવી સરકારી હોસ્પિટલમાં સારવાર લઈ લેવા પણ અપિલ કરાઇ છે.

# મુન્દ્રામા ફરી તોફાની વરસાદ બાદ શહેરીજનો માટે મુશ્કેલી

**થોડા વરસાદ બાદ પ્રથમ વરસાદની જેમ શહેરના અનેક વિસ્તારમા પાણી ભરાઇ ગયા હતા.તો નવો બનેલો રોડ વરસાદ માં ઉખડી ગયો હતો તો સોસાયટીમા પાણી ભરાતા રહિશો મુશ્કેલીમાં મુકાયા હતા**







મુન્દ્રા, તા.૨૫

મુન્દ્રા શહેર તેમજ તાલુકામાં છેલ્લા ઘણા દિવસો થી અતિ ગરમી અને ભારે બફારા થી લોકો પરેશાન છે. જો કે તે વચ્ચે મુન્દ્રા શહેરમાં મંગળવારે ફરી રાત્રિ ના મેઘરાજા ની ધમાકેદાર એન્ટ્રી થઇ હતી જેથી વાતાવરણમાં થોડી ઠંડક પ્રસરી હતી. જો કે થોડા સમય માટે આવેલા વરસાદને કારણે શહેરના ઓસવાળ ફળિયા, ચાઈના ગેટ, વાંકલ બજાર, નવલખા બંગલા, ખારવા ચોક તેમજ શહેરની વિવિધ સોસાયટી વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા.મુન્દ્રાના નાયબ મામલતદાર કટારા એ જણાવ્યું હતું કે મંગળવારે ના રાત્રિ ના ૧૧વાગ્યા થી એક કલાક સુધીમાં ૬૦મીમી વરસાદ પડ્યો હતો. મુન્દ્રામાં છેલ્લા પાંચેક દિવસમાં મેઘરાજાનું બે વાર આગમન થયું છે જેમાં અંદાજે પાંચેક ઈંચ જેટલો વરસાદ પડ્યું છે ત્યારે શહેર ના ડાક બંગલા પાસે ભૂખી નદી ના પટમાં વરસાદી પાણી ભરાયા હતા જે પ્રસ્તુત તસ્વીર માં દ્રષ્ટિગોચર થાય છે. તો શહેરના અન્ય નિચાણવાળા વિસ્તાર સહિત સોસાયટીમા પાણી ભરાતા લોકો માટે મુશ્કેલી સર્જાઇ હતી

### મુન્દ્રામાં નવા બનેલા માર્ગ પર ગાબડા

મુન્દ્રામા વરસાદની બે રાઉન્ડમાંજ તંત્રની પોલી ખુલી ગઇ છે એક તરફ પ્રિ-મોન્સુન કામગીરી કરાઇ છે છંતા કેટલાય વિસ્તારોમા પાણી ભરાઇ ગયા ત્યા બીજી તરફ મુન્દ્રામાં થોડા દિવસો પહેલા જ બનેલો નવો માર્ગ વરસાદ માં ઉખડી ગયેલો જોવા મળ્યો હતો અને રસ્તા ના કામ માં ભ્રષ્ટાચાર થયો હોવાની નગરજનો માં ચર્ચા થઇ હતી મુન્દ્રા શહેરના ડાક બંગલાથી સંતોષી માતાના મંદિર અને ન્યૂ મુન્દ્રા સુધી ના રોડ તંત્ર દ્વારા થોડા દિવસો પહેલા નવો બનાવવામાં આવ્યો હતો અને વરસાદ બાદ રોડ પર ગાબડા પડતા તંત્ર ની પોલ પાધરી થઈ હતી.

### સોસાયટીમાં પાણી ભરાયા

મંગળવારે રાત્રિના ધોધમાર વરસાદ પડતા વિવિધ સોસાયટી વિસ્તારો માં પુષ્કળ પાણી ભરાયા હતા. મુન્દ્રાના રામદેવ નગર નજીક આવેલ સાંઈબાબાના મંદિર પાસે વરસાદના કારણે અગાઉની જેમ પુષ્કળ પાણી ભરાયા હતા સાથે આસપાસ આવેલી સોસાયટીમાં પણ ભારી ભરાયા હતા જેને કારણે રહેવાસીઓ ને પાણી માંથી પસાર થવું પડ્યુ હતુ દર ગુરુવારે સાંઈ બાબાના મંદિરે ભક્તોની ભીડ જામે છે ત્યારે આ વિસ્તારમાં વરસાદી પાણી નો નિકાલ થાય એવી આ વિસ્તાર ના રહેવાસીઓ એ માંગ કરી હતી તો થોડા વરસાદમા સર્જાતી આ સમસ્યા અંગે તંત્ર ચોક્કસ ધ્યાન આપે તેવી પણ નાગરીકોએ વાત કરી હતી.







# ભુજમાં ડ્રગ્સ જાગૃતિ રેલી યોજાઇ






ભુજ, તા.૨૫

૨૬ જૂને આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ સેવન દિવસ મનાવવામાં આવે છે ત્યારે કચ્છ જીલ્લામા પણ જાગૃતિ માટે આ દિવસે રેલી યોજી ઉજવણી કરવામા આવી હતી પચ્છિમ કચ્છ પોલીસ દ્વારા આ રેલીનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમાં મોટી સંખ્યામા નાગરીકો જોડાયા હતા ભુજના ધારાસભ્ય તથા પોલીસના અધિકારીઓની હાજરીમાં જ્યબેલી ગ્રાઉન્ડથી આ રેલીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમા ડ્રગ્સની અસરો અને તેનુ સેવન ન કરવા લોકો જાગૃતિ બને તે માટે વિવિધ બેનરો તૈયાર કરાયા હતા જે શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી અને લોકોને જાગૃત કર્યા હતા પચ્છિમ કચ્છ પોલીસની સ્પેશીયલ ઓપરેશન બ્રાન્ચ સહિતની ટીમે તથા પોલીસના જવાનો અને સ્કુલના વિદ્યાર્થીઓ આ રેલીમા જોડાયા હતા.

### કચ્છમાં ભૂકંપના બે આંચકા નોંધાયા

ભુજ, તા.૨૫

કચ્છમા ભુકંપના આંચકા સામાન્ય છે પરંતુ બુધવારે અલગ-અલગ કેન્દ્રબિંદુ ધરાવતા બે આંચકા કચ્છમાં નોંધાયા હતા. જેમાં બપોરે ૪.૪૧ મિનિટે ૨.૮ની તિવ્રતાનો આંચકો નોંધાયો હતો. કચ્છ સરહદ પાસે પાકિસ્તાનમાં કેન્દ્રબિંદુ હોવાનું હોવાનું ગાંધીનગર સ્થિત સિસમોલોજી કચેરી ખાતે નોંધાયુ હતું ૨.૮ની તિવ્રતાનો ધરતીકંપનો આંચકો નોધાયો હતો જેનુ કેન્દ્રબિંદુ ધોળાવીરા થી ૧૦૦ કિલોમીટર દૂર પાક.સરહદે નોંધાયુ હતુ. તો બીજો આંચકો સાંજે ૬ વાગ્યા આસપાસ નોંધાયો હતો જેની તિવ્રતા ૨.૭ નોંધાઇ હતી અને જેનુ કેન્દ્રબિંદુ ભચાઉથી ૧૪ કિમી દુર નોંધાયુ હતુ. આમ કચ્છમા એક દિવસમાં બે આંચકા નોંધાયા હતા. છેલ્લે રાપર તાલુકામાં કેન્દ્રબિંદુ ધરાવતો ૩ ની ત્રિવ્રતાનો આંચકો નોધાયો હતો.જો કે ભુકંપથી કોઇ નુકશાનીના સમાચાર નથી